RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 354 Dt. 29-06-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

મિડલ ઈસ્ટમાં ટેન્શન વચ્ચે ભારત માટે ગુડ ન્યૂઝ

# ૯ જહાજ હોર્મુઝ વટાવી ભારતમાં

## અત્યાર સુધીમાં કુલ ૪૪ જહાજોનું સુરક્ષિત આગમન : ૧૫ જહાજો હજુ પણ સલામત માર્ગની પ્રતીક્ષામાં



નવી દિલ્હી, તા. ૨૮: મિડલ ઈસ્ટમાં વધતા જતા લશ્કરી તણાવ અને તાજેતરમાં યુએસ-ઈરાન વચ્ચે થયેલા ગોળીબાર છતાં વૈશ્વિક વેપારના સૌથી સંવેદનશીલ ગણાતા હોર્મુઝ માર્ગેથી ભારત આવતા માલવાહક જહાજોની અવરજવર અવિરત ચાલુ છે. છેલ્લા ૭૨ કલાકમાં વધુ ૯ માલવાહક જહાજોએ હોર્મુઝ સામુદ્રધુની સુરક્ષિત રીતે પાર કરી લીધી છે, જેમાંથી ૭ જહાજો ભારત માટે અત્યંત જરૂરી સામગ્રી લઈને આવી રહ્યા છે. આ સાથે જ શનિવાર સુધીમાં આ દરિયાઈ માર્ગેથી સુરક્ષિત રીતે પસાર થઈ ભારત પહોંચેલા કુલ જહાજોની સંખ્યા ૪૪ પર પહોંચી ગઈ છે, જે ભારતીય અર્થતંત્ર અને બજાર માટે એક મોટા રાહતના સમાચાર છે.

જહાજોની સુરક્ષિત સફર અને મહત્ત્વનો માલસામાન અહેવાલો અનુસાર, છેલ્લા ૭૨ કલાકમાં પાર થયેલા ૯ જહાજોમાંથી, ૪ ભારતીય ધ્વજ ધરાવતા જહાજો છે અને ૫ વિદેશી ધ્વજ ધરાવતા જહાજો છે. ભારે તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે ભારત આવી રહેલા અતિ મહત્ત્વના જહાજોએ સફળતાપૂર્વક આ જોખમી માર્ગ કાપ્યો છે. 'એપીજે પ્રીતિ' (APJ Preeti) નામનું ભારતીય જહાજ ૬૫,૦૦૦ ટન ખાતરનો મોટો જથ્થો લઈને શનિવારે સફળતાપૂર્વક સામુદ્રધુની પાર કરી ગયું છે. આ ઉપરાંત શુક્રવારે, બે અન્ય મોટા જહાજોએ પણ આ માર્ગ અપનાવ્યો હતો. 'દેશ સુરક્ષા' નામનું જહાજ ૧,૦૦,૦૦૦ ટનથી વધુ ક્રૂડ ઓઈલ વહન કરીને સુરક્ષિત રીતે સફર કરી ચૂક્યું છે. આ દરમિયાન, ૧૮,૭૩૨ ટન અન્ય આવશ્યક ચીજવસ્તુઓ વહન કરીને 'પ્રભુ પાર્વતી' જહાજ પણ સામુદ્રધુનીમાંથી હેમખેમ પસાર થવામાં સફળ રહ્યું છે.

એક તરફ જહાજો ધીમે ધીમે સુરક્ષિત પસાર થઈ રહ્યા છે, તો બીજી તરફ હજુ પણ ભારત તરફ આવનારા ૧૫ અન્ય જહાજો પર્સિયન ગલ્ફમાં સુરક્ષા ગેરંટી અને સલામત માર્ગ (Safe Passage) ની રાહ જોઈને ઊભા છે. આ ૧૫ જહાજો પૈકી ૧૦ મોટા ભારતીય જહાજો છે. ૪ જહાજોમાં ખેતી માટે જરૂરી એવું ખાતર ભરેલું છે, જ્યારે ૧ જહાજ ક્રૂડ ઓઈલ અને ગેસ વહન કરી રહ્યું છે.

જહાજોની ગતિવિધિઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરતા શિપ ટ્રેકર્સ અનુસાર, પહેલી માર્ચથી હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થયેલા ભારત સાથે જોડાયેલા જહાજોમાં ૧૫ બલ્ક કેરિયર્સ, ૧૩ LPG કેરિયર્સ, ૧૧ ક્રૂડ ટેન્કર અને ૨ LNG જહાજોનો સમાવેશ થાય છે. સંરક્ષણ અને વ્યાપાર નિષ્ણાતો આ સમગ્ર સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે.

ઈરાનનો અમેરિકા પર વળતો પ્રહાર

# કુવૈત-બહેરીનમાં ૮ સૈન્ય ઠેકાણા નષ્ટ કરતુ IRGC

## ઈરાને USના ૫ દરિયાકાંઠાની ચોકીઓ પરના હુમલાનો જવાબ ગણાવ્યો



નવી દિલ્હી, તા.૨૮

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલો તણાવ હવે ચરમસીમાએ પહોંચી ગયો છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના અલ્ટીમેટમ છતાં, ઈરાનની સૈન્ય પાંખ રિવોલ્યુશનરી ગાર્ડ્સ (IRGC) એ દાવો કર્યો છે કે તેણે કુવૈત અને બહેરીનમાં આવેલા અમેરિકાના ૮ મહત્વના સૈન્ય ઠેકાણાઓ પર બેલેસ્ટિક મિસાઈલ અને ડ્રોન વડે મોટો હુમલો કર્યો છે. ઈરાનનું કહેવું છે કે આ કાર્યવાહી અમેરિકા દ્વારા ઈરાનની ૫ દરિયાકાંઠાની ચોકીઓ પર કરવામાં આવેલા હુમલાનો 'નિર્ણાયક જવાબ' છે.

ઈરાનની સેના IRGC ના જણાવ્યા અનુસાર, આ સૈન્ય ઓપરેશન રાત્રે અંદાજે ૨ થી ૩ વાગ્યાની વચ્ચે કરવામાં આવ્યું હતું. આ હુમલામાં ઈરાની નેવી અને એરોસ્પેસ ફોર્સે સંયુક્ત રીતે ભાગ લીધો હતો. ઈરાનના નિશાના પર કુવૈતનું પ્રખ્યાત 'અલી અલ સલેમ એરબેઝ' અને બહેરીનમાં આવેલું અમેરિકાના પાંચમા નૌકા સૈન્ય આર્મી બેઝનું (5th Fleet) મુખ્ય મથક હતું. ઈરાનનો દાવો છે કે મિસાઈલ અને ડ્રોન હુમલામાં આ તમામ સૈન્ય મથકોને ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.

ઈરાને સ્પષ્ટતા કરી છે કે એક શંકાસ્પદ જહાજને રોકવાની કાર્યવાહીનું બહાનું બનાવીને અમેરિકાએ પહેલા ઈરાની દરિયાઈ ક્ષેત્રમાં આવેલી ૫ કોસ્ટલ ચોકીઓ પર આક્રમણ કર્યું હતું. જેના જવાબમાં આ જવાબી પ્રહાર કરાયો છે. પાકિસ્તાનની મધ્યસ્થતાથી અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા તાજેતરના કરાર મુજબ, હોર્મુઝમાંથી પસાર થતી શિપિંગ લાઈનની સુરક્ષાની જવાબદારી હવે ઈરાનની છે. ઈરાને ચેતવણી આપી છે કે જો કોઈ જહાજ નિયમો તોડશે, તો તેની સામે ભવિષ્યમાં પણ આવી જ કડક કાર્યવાહી કરવામાં આવશે. બીજી તરફ, અમેરિકાની સેન્ટ્રલ કમાન્ડે સ્વીકાર્યું છે કે તેણે ઈરાનની અંદર કેટલાક ચોક્કસ ઠેકાણાઓ પર હુમલો કર્યો છે. અમેરિકાના મતે, આ એક્શન એક વ્યાપારી તેલ ટેન્કર પર થયેલા હુમલાના વિરોધમાં લેવામાં આવ્યું હતું. આ દરમિયાન ઈરાની સરકારી ચેનલ ઈર્છઈ ના અહેવાલ મુજબ, ઈરાનના હોર્મોઝગાન પ્રાંતના સિરિક વિસ્તારમાં એક ટેલિકોમ ટાવર પર હુમલો થતાં ભારે ધડાકા સંભળાયા હતા. જ્યારે કેશમ દ્વીપ (Qeshm Island) પર પણ કેટલાક બ્લાસ્ટ થયા હોવાના અહેવાલો છે. શુક્રવારે ઈરાની નેવી દ્વારા એક જહાજ પર કરાયેલા વોર્નિંગ ફાયરિંગ બાદ શરૂ થયેલો આ વિવાદ હવે બંને દેશો વચ્ચે પૂર્ણ કક્ષાના સૈન્ય સંઘર્ષમાં ફેરવાઈ રહ્યો છે.

# ફ્રાન્સમાં પ્લેન-સાઉદી અરેબિયામાં હેલિકોપ્ટર ક્રેશ. : ૨૫ મોત

## બંને દુર્ઘટનાના કારણો જાણવા સંબંધિત અધિકારીઓની કવાયત




નવી દિલ્હી, તા.૨૮

વિશ્વમાં રવિવારે બે અલગ-અલગ જગ્યાએ મોટા વિમાન અકસ્માત સર્જાયા છે. ફ્રાન્સમાં એક સિવિલિયન પ્લેન અને સાઉદી અરેબિયામાં હેલિકોપ્ટર ક્રેશ થતાં કુલ ૨૫ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. આ બંને અકસ્માતોમાં સવાર તમામ મુસાફરોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે.

ફ્રાન્સના નેન્સી શહેર નજીક આવેલા ટોમ્બલેન વિસ્તારમાં રવિવારે સવારે સ્થાનિક સમય મુજબ ૧૧ વાગ્યે સ્કાઈડાઈવર્સને લઈ જતું એક સિવિલિયન પ્લેન તૂટી પડ્યું હતું. આ ભયાનક અકસ્માતમાં પાયલટ સહિત પ્લેનમાં સવાર તમામ ૧૧ લોકોના મોત થયા છે. મૃતકોમાં ૫ ટ્રેની સ્કાઈડાઈવર અને ૫ ટ્રેનરનો સમાવેશ થાય છે.

અકસ્માત બાદ રાહત અને બચાવ કામગીરી તાત્કાલિક શરૂ કરવામાં આવી હતી. સ્થાનિક ન્યૂઝ ચેનલના અહેવાલ મુજબ, પ્લેનમાં વિસ્ફોટ થવાનો ખતરો હોવાના કારણે પોલીસે આસપાસનો વિસ્તાર ખાલી કરાવી દીધો હતો. ફ્રાન્સના ગૃહમંત્રીએ પણ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને હાલ અકસ્માતનું કારણ જાણવા તપાસ ચાલી રહી છે.

### સાઉદી અરેબિયામાં હેલિકોપ્ટર દુર્ઘટનાઃ ૧૪ ના મોત

બીજી તરફ, સાઉદી અરેબિયાની સરકારી તેલ કંપની 'અરામકો' (અફિળભજ્ઞ) નું એક હેલિકોપ્ટર રવિવારે સવારે આશરે ૬ વાગ્યે રસ તનુરા વિસ્તારમાં ક્રેશ થયું હતું. આ અકસ્માતમાં હેલિકોપ્ટરમાં સવાર તમામ ૧૪ લોકોના કરૂણ મોત થયા છે. સાઉદીના ઊર્જા મંત્રાલયના જણાવ્યા અનુસાર, જીવ ગુમાવનારા તમામ ૧૪ લોકો સાઉદી અરેબિયાના જ નાગરિકો હતા. અધિકારીઓએ આ દુર્ઘટના પાછળના કારણો જાણવા માટે તપાસના આદેશ આપ્યા છે.

# રશિયા પર યુક્રેનનો ડ્રોન હુમલોઃ ઓઈલ રિફાઈનરી ભડભડ સળગી, ૩ મોત

**રશિયાના દક્ષિણ ભાગમાં આવેલી વાર્ષિક ૪૦ લાખ ટન ક્રૂડ પ્રોસેસ કરતી રિફાઈનરીને ડ્રોન વડે ફૂંકી મરાઈ**



નવી દિલ્હી, તા.૨૮

યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલું ભયાનક યુદ્ધ હવે વધુ આક્રમક અને વિનાશક વળાંક પર પહોંચી ગયું છે. યુક્રેને હવે રશિયાના સંરક્ષણ મથકોની સાથે સાથે તેના આર્થિક સ્ત્રોતોને નિશાન બનાવવાની રણનીતિ અપનાવીને પોતાના લોન્ગ-રેન્જ ડ્રોન હુમલા અત્યંત તેજ કરી દીધા છે. રવિવારે વહેલી સવારે યુક્રેન દ્વારા કરવામાં આવેલા એક શક્તિશાળી ડ્રોન હુમલાને કારણે રશિયાના દક્ષિણ ભાગમાં આવેલી એક અતિ વિશાળ અને વ્યૂહાત્મક ઓઈલ રિફાઈનરીમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ભયાનક હુમલા અને અલગ-અલગ વિસ્તારોમાં થયેલી અન્ય સૈન્ય ઘટનાઓમાં કુલ ૩ લોકોના મોત થયા હોવાના અહેવાલો મળી રહ્યા છે. સંરક્ષણ નિષ્ણાતોના મતે, યુક્રેનનો મુખ્ય ઉદ્દેશ્ય રશિયાની વૈશ્વિક કમાણી રોકવાનો અને યુદ્ધના મોરચે રશિયન સેનાના ઇંધણ સપ્લાયને સંપૂર્ણપણે ખોરવી નાખવાનો છે.

રશિયાના ક્રાસ્નોડાર વિસ્તારના ગવર્નરના સત્તાવાર નિવેદન મુજબ, સ્લાવ્યાંસ્ક-ના-નબાની (Slavyansk-na-Kubani) શહેરની અતિ મહત્વની ઓઈલ રિફાઈનરી પર યુક્રેની લોન્ગ-રેન્જ ડ્રોનનો કાટમાળ પડતાં આ ભયાનક આગ લાગી હતી. આ રિફાઈનરી રશિયા માટે એટલા માટે મહત્વની છે કારણ કે તે દર વર્ષે આશરે ૪૦ લાખ ટન જેટલું ક્રૂડ ઓઈલ પ્રોસેસ કરવાની ક્ષમતા ધરાવે છે. આટલેથી જ ન અટકતા, યુક્રેની વાયુસેનાએ રશિયાની સરહદથી અંદર ૭૦૦ કિલોમીટર દૂર આવેલા યારોસ્લાવ શહેરમાં આવેલી અન્ય એક મોટી રિફાઈનરીને પણ કમિકાઝ ડ્રોન વડે નિશાન બનાવી હતી. આ હુમલાના કારણે સર્જાયેલી અફરાતફરીને પગલે સ્થાનિક પ્રશાસનને ત્યાંના મુખ્ય રોડ-રસ્તાઓ અને એરપોર્ટને અસ્થાયી ધોરણે તાત્કાલિક બંધ કરવાની ફરજ પડી હતી.

યુક્રેન દ્વારા રશિયાના ઇંધણ ડેપો અને રિફાઈનરીઓ પર સતત થઈ રહેલા ઘાતક હુમલાના કારણે રશિયાના કબજા હેઠળના ક્રિમિયા વિસ્તારમાં પેટ્રોલના આડેધડ વેચાણ પર કડક પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત, સાઈબેરીયાના ઈરકુત્સ્ક શહેરમાં પણ ઈંધણની ભારે તંગી સર્જાઈ હોવાના અહેવાલો છે. પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે રશિયાના સરકારી પેટ્રોલ સ્ટેશનો પરથી હવે સામાન્ય નાગરિકોને રોજનું માત્ર ૫૦ લીટર પેટ્રોલ જ ખરીદવાની મંજૂરી આપવામાં આવી રહી છે. સપ્લાય ચેઈન સંપૂર્ણપણે ખોરવાઈ જવાના કારણે ખાનગી ગેસ સ્ટેશનોએ પણ કાળાબજારી રોકવા માટે ઇંધણનું વેચાણ મર્યાદિત કરી દીધું છે.

# વેનેઝુએલાના ભૂકંપમાં મૃતાંક ૧૪૩૦એ પહોંચ્યો

## ૬૮ હજારથી વધુ લાપતા ૨૫ જૂનના વિનાશક આંચકા બાદ ફરી ૪.૯ની તીવ્રતાના ભૂકંપથી લોકોમાં ફફડાટ : બ્રિટન, અમેરિકા સહિતના દેશો મદદે આવ્યાઃ US દ્વારા ૧૪૧૫ કરોડની આર્થિક સહાયની જાહેરાત



નવી દિલ્હી, તા. ૨૮

વેનેઝુએલામાં ૨૫ જૂને આવેલા ભૂકંપના બે આંચકા હજારો લોકોની જિંદગીને ભરખી ગયા છે. પ્રાપ્ત અહેવાલો મુજબ, અત્યાર સુધીમાં આ કુદરતી હોનારતમાં ૧૪૩૦ લોકોના મોતના અહેવાલની પુષ્ટિ થઈ છે, જોકે આ આંકડો હજુ પણ ઘણો મોટો હોવાની ભીતિ સેવાઈ રહી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પરિવારોએ આજે સવારે ઓછામાં ઓછા ૬૮,૯૦૦ લોકો ગુમ હોવાની માહિતી આપી છે. હજી પણ કાટમાળમાંથી મોટી સંખ્યામાં મૃતદેહો બહાર કાઢવામાં આવી રહ્યા છે. બીજી તરફ દેશના ઉત્તરીય તટ બાદ હજી પણ સતત ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યા છે. ખાનગી રિપોર્ટ મુજબ રાજધાની કરાકાસ અને મારાકેમાં પણ ૪.૯ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા છે.

ભૂકંપમાં ૩૩૬૦થી વધુ લોકો ઘાયલ થયા છે. વેનેઝુએલામાં રાહત ટીમોની અછતને કારણે સૌથી વધુ અસરગ્રસ્ત રાજ્યોમાંના એક એવા લા ગ્વાયરામાં, લોકો જાતે જ પાવડા, ભારે મશીનો, દોરડા અને પોતાના હાથનો ઉપયોગ કરીને કોંક્રિટના ઢગલા હટાવી કાટમાળમાંથી પોતાના પ્રિયજનો અને પડોશીઓની શોધ કરી રહ્યા છે. વેનેઝુએલાના કાર્યવાહક રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિઝે આ સમય અત્યંત સંવેદનશીલ હોવાનું જણાવી લોકોને લા ગ્વાયરા રાજ્યની મુસાફરી ટાળવા અપીલ કરી છે. વધુમાં વધુ લોકોના જીવ બચાવવા માટે તેમણે પોલીસ, સિવિલ પ્રોટેક્શન અને ફાયર બ્રિગેડની ટીમોને ઝડપથી પહોંચાડવા રસ્તાઓ ખાલી રાખવા અનુરોધ કર્યો છે.

### સેંકડો ઈમારતો અને હોસ્પિટલો જમીનદોસ્ત

સ્થાનિક રિપોર્ટ પ્રમાણે વેનેઝુએલાના ઉત્તરીય તટીય વિસ્તાર અને રાજધાની કરાકાસમાં ભૂકંપના કારણે સેંકડો ઈમારતો, અસંખ્ય હોસ્પિટલો અને શોપિંગ સેન્ટરો સંપૂર્ણપણે જમીનદોસ્ત થઈ ગયા છે. આ સિવાય અન્ય લગભગ ૧,૦૦૦ માળખાકીય સ્થળોને ભારે નુકસાન પહોંચ્યું છે. સૌથી વધુ તબાહી કરાકાસની ઉત્તરે આવેલા લા ગ્વાયરા વિસ્તારમાં થઈ છે, જ્યાં દેશનું મુખ્ય બંદર અને સિમોન બોલિવાર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ આવેલું છે. અધિકારીઓએ જણાવ્યું કે શનિવારે ૨૫૦ની આસપાસ અને લા ગ્વાયરામાં અત્યાર સુધીમાં કાટમાળમાંથી કુલ ૨૪૩ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે.

### આંતરરાષ્ટ્રીય સમુદાય વ્હારે આવ્યો

વૈશ્વિક સહાય શરૂ આ ભયાનક આપત્તિ પછી વેનેઝુએલામાં આંતરરાષ્ટ્રીય રાહત અને બચાવ ટીમો પહોંચવા લાગી છે. સંયુક્ત રાષ્ટ્ર (ઞગ) ના માનવતાવાદી બાબતોના વડા ટોમ ફ્લેચરે મોટા પાયે વૈશ્વિક સહાય અભિયાન ચલાવવાની જાહેરાત કરી છે. બ્રિટન, અમેરિકા, નેધરલેન્ડ, મેક્સિકો અને સ્વિટ્ઝર્લેન્ડે પોતાની સર્ચ અને રેસ્ક્યુ ટીમો, પ્રશિક્ષિત શ્વાન દળ અને ડ્રોન મોકલ્યા છે. અમેરિકાએ યુદ્ધ જહાજ, પરિવહન વિમાનની સાથે ૧૫ કરોડ ડોલર (લગભગ ૧,૪૧૫ કરોડ ૪૦ લાખ રૂપિયા) ની નાણાકીય સહાય આપવાની પણ જાહેરાત કરી છે. આંતરિક બાબતોના મંત્રી ડિઓસ્ડાડો કાબેલોના જણાવ્યા અનુસાર, કરાકાસના લોસ પાલોસ ગ્રાન્ડ્સ અને અલ્તામિરા વિસ્તારો ઉપરાંત લા ગ્વાયરા, અરાગુઆ, કારાબોબો અને ફાલ્કન જેવા ઉત્તરીય તટીય રાજ્યોમાં ભૂકંપની સૌથી વધુ અસર જોવા મળી છે.

૨૦જૂનથી શરૂ થયેલો હીટવેવઃ પાવર ગ્રીડ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખોરવાયું!

# ફ્રાન્સમાં ભીષણ હીટવેવથી ૧૦૦૦ મોત

નવી દિલ્હી, તા.૨૮ : યુરોપમાં ચાલી રહેલી ભીષણ ગરમીને કારણે ફ્રાન્સમાં ૧ હજારથી વધુ લોકોના મોત નોંધાયા છે. આરોગ્ય સંસ્થાઓના મતે આ આંકડો વધારે હોવાની પણ શક્યતાઓ છે. મૃત્યુઆંકની પ્રાથમિક ગણતરીની વિગતો આપતા, સેન્ટી પબ્લિકે જણાવ્યું હતું કે, 'મોટાભાગના મૃત્યુ વૃદ્ધોના થયા છે. રહેણાંક સંભાળ કેન્દ્રો અને ઘરોમાં થયેલા મોત વિશે વધુ માહિતી ઉપલબ્ધ થતાં મૃત્યુદરમાં હજુ વધારો થવાની પણ આશંકા છે.

આ ગરમીએ અગાઉના તમામ રેકોર્ડ તોડી નાંખ્યા છે, વીજ ઉત્પાદનને ખોરવી નાખ્યું છે, અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન પહોંચાડ્યું છે.' વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે, ૨૦ જૂનથી શરૂ થયેલો આ હીટવેવ યુરોપમાં અત્યાર સુધીનો સૌથી ખરાબ હીટવેવ છે, જ્યાં વૈશ્વિક સરેરાશ કરતા વધુ ઝડપે આબોહવા બદલાઈ રહી છે. આ હીટવેવ હવે પૂર્વ તરફ આગળ વધી રહ્યો છે. જો કે ફ્રાન્સની હવામાન એજન્સીએ જણાવ્યું છે કે, દેશના મોટાભાગના ભાગોમાં અતિશય ગરમીમાં ઘટાડો થયો છે, પરંતુ ઉત્તર-પૂર્વના કેટલાક વિસ્તારો હજુ પણ હીટવેવની એડવાઈઝરી હેઠળ છે. આરોગ્ય પ્રધાન સ્ટેફની રિસ્ટાએ 'લા ટ્રિબ્યુન' અખબારને જણાવ્યું હતું કે, 'હવામાન સામાન્ય થયા પછી પણ, આગામી ૧૦ દિવસ સુધી હીટવેવની અસર જોવા મળી શકે છે. ગરમીનું આ પ્રકરણ હજી પૂરું થયું નથી.' સેન્ટી પબ્લિકે કહ્યું કે, મોટાભાગના મૃત્યુ ૬૫ વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકોના થયા છે.

### ગુજરાત-સૌરાષ્ટ્રને કુદરતનું અદભુત વરદાન : ૧૬૦૦ કિલોમીટર લાંબો સાગર કિનારો

# કચ્છ-ખંભાતના બે અખાત

# સૌરાષ્ટ્રના બંદરો અર્થતંત્રની જીવાદોરી

## એક જ અરબી સમુદ્ર પણ ભૌગોલિક રચના અનોખીઃ વ્યાપાર, ઉદ્યોગ અને પ્રવાસનની દ્રષ્ટિએ વૈશ્વિક ફલક પર ઉભર્યું ગુજરાત

રાજકોટ, તા. ૨૮

ભારતની પશ્ચિમે આવેલું ગુજરાત રાજ્ય કુદરતી સંસાધનોથી ભરપૂર છે, જેમાં સૌથી મોટું વરદાન અહીંનો દરિયા કિનારો છે. સમગ્ર દેશમાં સૌથી લાંબો દરિયા કિનારો ધરાવતું ગુજરાત વ્યાપાર, ઉદ્યોગ અને પ્રવાસનની દ્રષ્ટિએ વૈશ્વિક ફલક પર ચમકી રહ્યું છે. ભૌગોલિક દ્રષ્ટિએ ગુજરાત પશ્ચિમ તરફથી 'અરબી સમુદ્ર' સાથે ઘેરાયેલું છે. આ વિશાળ સાગર કિનારાને સમજવા માટે તેને બે મુખ્ય અખાત અને ત્રણ ભૌગોલિક ભાગોમાં વહેંચવામાં આવે છે.

કચ્છનો અખાત જોઈએ તો સૌરાષ્ટ્ર અને કચ્છની વચ્ચે આવેલો સમુદ્રનો ફાટો 'કચ્છી અખાત' તરીકે ઓળખાય છે. આ અખાત જૈવ-વિવિધતા (ઈશઙ્મશદ્યતિશ઼્)થી અત્યંત સમૃદ્ધ છે.અહીં જામનગર નજીક ભારતનો પ્રથમ 'મરીન નેશનલ પાર્ક' (દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન) આવેલો છે, જ્યાં પિરોટન ટાપુ પર દુર્લભ પરવાળા (ઈજ્ઞફિહત), ઓક્ટોપસ અને દરિયાઈ જીવો જોવા મળે છે.આ અખાતમાં દેશનું સૌથી મોટું કાર્ગો હેન્ડલિંગ કરતું 'દીનદયાલ પોર્ટ' (કંડલા બંદર) અને ખાનગી ક્ષેત્રનું મુંદ્રા બંદર આવેલું છે, જે વૈશ્વિક વ્યાપારનું પ્રવેશદ્વાર છે.


જયારે ખંભાતનો અખાત પર નજર કરીએ તો સૌરાષ્ટ્રની પૂર્વ પટ્ટી અને તળ ગુજરાત (ભરૂચ, સુરત, ભાવનગર) વચ્ચેનો દરિયાઈ વિસ્તાર એટલે ખંભાતનો અખાત. આ અખાત તેના ઊંચા ભરતી-ઓટના મોજાં અને નદીઓના સંગમ માટે જાણીતો છે. નર્મદા, તાપી, મહી અને સાબરમતી જેવી મોટી નદીઓ આ અખાતમાં ભળે છે.ભાવનગરનું અલંગ શિપ બ્રેકિંગ યાર્ડ (જહાજ ભાંગવાનો ઉદ્યોગ) વિશ્વભરમાં પ્રખ્યાત છે. આ ઉપરાંત ઘોઘા અને દહેજ વચ્ચે ચાલતી રો-રો ફેરી સર્વિસ આ અખાતની ભૌગોલિક વિશેષતાનો ઉત્તમ ઉપયોગ છે.

ઉપરાંત ખુલ્લો અરબી સમુદ્રની વાત કરીએ તો કચ્છના અખાત અને ખંભાતના અખાત સિવાયનો જે દક્ષિણ-પશ્ચિમ સૌરાષ્ટ્રનો ખુલ્લો દરિયાઈ પટ્ટો છે, તે સીધો અરબી સમુદ્ર તરીકે ઓળખાય છે. આ પટ્ટો ધાર્મિક અને પર્યટનની દ્રષ્ટિએ સોનાની ખાણ સમાન છે.ખુલ્લો અરબી સમુદ્રની પટ્ટી જોઈએ તો દ્વારકા અને શિવરાજપુર વખણાય છે. ભગવાન શ્રીકૃષ્ણની નગરી દ્વારકા અરબી સમુદ્રના કિનારે વસેલી છે. અહીંનો 'શિવરાજપુર બીચ' આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત 'બ્લુ ફ્લેગ' સર્ટિફિકેટ ધરાવે છે, જે તેની શુદ્ધતા દર્શાવે છે. સોમનાથ અને વેરાવળ જગવિખ્યાત બની ગયા છે. અહી બાર જ્યોતિર્લિંગમાં પ્રથમ એવું સોમનાથ મહાદેવ મંદિર બિલકુલ સમુદ્ર કિનારે આવેલું છે, જ્યાં લહરો સતત શિવજીના ચરણ પખાડે છે. તેની બાજુમાં આવેલું વેરાવળ ભારતનું મોટું મત્સ્યોદ્યોગ કેન્દ્ર છે.

પોરબંદર અને માધવપુરઃ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું જન્મસ્થળ પોરબંદર સુંદર ચોપાટી ધરાવે છે, જ્યારે માધવપુરનો ઘેડ દરિયો તેના રેતાળ કિનારા અને દર વર્ષે યોજાતા સાંસ્કૃતિક મેળા માટે દેશભરમાં જાણીતો છે. જ્યારે દીવ (કેન્દ્રશાસિત પ્રદેશ)માં સૌરાષ્ટ્રની ભૌગોલિક સીમાને અડીને આવેલો દીવનો દરિયા કિનારો (જેમ કે નાગોઆ બીચ) પ્રવાસીઓ માટેનું સ્વર્ગ ગણાય છે.

ગુજરાતના સાગર કિનારાની બ્લુ ઈકોનોમીઃ ૧૬૦૦ કિલોમીટર લાંબો આ દરિયો માત્ર જોવા માટે નથી, પણ તે ગુજરાતના અર્થતંત્રની કરોડરજ્જુ છે.

મત્સ્યઉદ્યોગ, મીઠાનું ઉત્પાદન (ભારતનું ૭૦% થી વધુ મીઠું ગુજરાત પકવે છે), દરિયાઈ માર્ગે થતો વિદેશી વ્યાપાર અને કેમિકલ ઉદ્યોગો આ દરિયાને લીધે જ ધમધમી રહ્યા છે.



### સાગર કિનારે અનેક તીર્થધામો, શહેરો

૧,૬૦૦ કિલોમીટર લાંબા સમૃદ્ધ સાગર કિનારા પર ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક નાના-મોટા પ્રખ્યાત શહેરો, ઐતિહાસિક બંદરો અને તીર્થધામો વસેલા છે. સાગર કાંઠે વસેલું વૈભવશાળી ગુજરાતઃ દરિયા કિનારે આવેલા સૌરાષ્ટ્ર અને ગુજરાતના મુખ્ય શહેરો અને તીર્થધામોભક્તિ, વ્યાપાર અને પર્યટનનો અદભુત સંગમઃ કચ્છથી લઈને વલસાડ સુધી દરિયાના મોજાં સાથે ધમધમતા નગરોની રોચક સફરગુજરાતને કુદરતે જે વિશાળ દરિયા કિનારો આપ્યો છે, તેના કાંઠે માત્ર ઉદ્યોગો જ નહીં પરંતુ ભારતની ધાર્મિક આસ્થાના મોટા કેન્દ્રો અને ઐતિહાસિક શહેરો પણ વસેલા છે. કચ્છના રણથી શરૂ કરીને દક્ષિણ ગુજરાતના છેડા સુધી અનેક એવા નગરો છે જેમના અર્થતંત્ર, સંસ્કૃતિ અને લોકજીવન પર દરિયાની સીધી અસર જોવા મળે છે. આવો જાણીએ ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રના એ ક્યા પ્રખ્યાત શહેરો અને ગામો છે જ્યાં દરિયા દેવ સદાય બિરાજમાન છે.સૌરાષ્ટ્ર વિસ્તારના દરિયા કિનારે વસેલા મુખ્ય શહેરો તરફ નજર કરીએ તો સૌરાષ્ટ્રનો દરિયાઈ પટ્ટો ધાર્મિક અને પ્રવાસનની દ્રષ્ટિએ આખા દેશમાં સૌથી લોકપ્રિય છે. તેમાં ખાસ કરીને દ્વારકામાં ભગવાન શ્રીકૃષ્ણની પવિત્ર કર્મભૂમિ અને જગત મંદિર બિલકુલ અરબી સમુદ્રના કાંઠે વસેલું છે. અહીં નજીકમાં જ ઓખા બંદર અને શિવરાજપુર બીચ આવેલા છે. સોમનાથ અને વેરાવળ (ગીર સોમનાથ)માં પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવનું ભવ્ય મંદિર સમુદ્ર કિનારે જ શોભી રહ્યું છે. તેની જોડિયા નગરી ગણાય તેવું વેરાવળ શહેર એશિયાનું મોટું મત્સ્યઉદ્યોગ બંદર ધરાવે છે. પોરબંદરમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને ભક્ત સુદામાની નગરી પોરબંદર સુંદર સમુદ્ર તટ (ચોપાટી) અને મોટા બંદર માટે પ્રખ્યાત છે. ભાવનગર શહેરની વાત કરીએ તો ખંભાતના અખાત પર વસેલું આ ઐતિહાસિક શહેર સાંસ્કૃતિક વારસો ધરાવે છે. ભાવનગર નજીક આવેલું 'અલંગ' વિશ્વનું સૌથી મોટું જહાજ ભાંગવાનું કેન્દ્ર (જ્વશા ઈચિફસશક્ષલ ઢ્ઢફમિ) છે, તેમજ નજીકમાં આવેલું 'ઘોઘા' પણ ઐતિહાસિક બંદર છે. જામનગર અને બેડી બંદરમાં જામનગર શહેરની સીમાઓ કચ્છના અખાતને અડે છે. તેનું 'બેડી બંદર' જુના સમયથી વ્યાપાર માટે જાણીતું છે. નજીકમાં સિક્કા અને સલાયા જેવા દરિયાકાંઠાના ઔદ્યોગિક નગરો આવેલા છે. માંગરોળ અને ચોરવાડ (જૂનાગઢ)માં લીલી નાઘેર તરીકે ઓળખાતા આ વિસ્તારમાં દરિયા કિનારો બેહદ સુંદર છે. ચોરવાડ અને માંગરોળ બંને મત્સ્યઉદ્યોગ અને પ્રવાસન માટે જાણીતા દરિયાઈ મથકો છે. જાફરાબાદ અને પીપાવાવ (અમરેલી)માં અમરેલી જિલ્લાનો દરિયાઈ પટ્ટો જાફરાબાદ બંદર (જે મચ્છીમારી માટે મોટું કેન્દ્ર છે) અને દેશના પ્રથમ ખાનગી પોર્ટ 'પીપાવાવ' તરીકે ધમધમે છે. દીવ (કેન્દ્રશાસિત પ્રદેશ): સૌરાષ્ટ્રની ભૌગોલિક સીમાની બિલકુલ નજીક આવેલો આ દ્વીપ (ટાપુ) તેના નાગોઆ અને ઘોઘલા જેવા આંતરરાષ્ટ્રીય કક્ષાના બીચ માટે પ્રખ્યાત છે.

### કચ્છ વિસ્તારના દરિયાઈ શહેરો

ગાંધીધામ અને કંડલામાં દેશનું સૌથી મોટું સરકારી કાર્ગો બંદર 'દીનદયાલ પોર્ટ' (કંડલા) આ વિસ્તારમાં આવેલું છે. ખાનગી ક્ષેત્રનું ભારતનું સૌથી મોટું અને આધુનિક બંદર મુંદ્રા પણ દરિયા કાંઠે ધમધમે છે.માંડવીમાં કચ્છનું આ ઐતિહાસિક શહેર તેના વિન્ડ ફાર્મ બીચ અને સદીઓ પુરાણા વહાણવટા (શિપ બિલ્ડિંગ)ના ઉદ્યોગ માટે વિશ્વભરમાં જાણીતું છે. ખાસ કરીને તળ અને દક્ષિણ ગુજરાતના સમુદ્ર કાંઠાના નગરો વિષે જાણવા જેવું છે તેમાં ખંભાતના અખાતથી શરૂ કરીને દક્ષિણ તરફ જતા દરિયા કિનારો ઔદ્યોગિક રીતે ખૂબ આગળ છે. સુરત (હઝીરા અને ડુમસ)ની વાત કરીએ તો હીરા નગરી સુરતનો ઈતિહાસ જ દરિયાઈ વ્યાપારથી શરૂ થયો છે. સુરત પાસે આવેલું હઝીરા મોટું ઔદ્યોગિક પોર્ટ છે, જ્યારે ડુમસ અને સુવાલી તેના પ્રખ્યાત બીચ છે.ભરૂચ (દહેજ)માં નર્મદા નદી જ્યાં સમુદ્રને મળે છે તે ખંભાતના અખાત પર આવેલું દહેજ બંદર આજે દેશનું મોટું કેમિકલ હબ બની ચૂક્યું છે.વલસાડ (તિથલ) વિષે જોઈએ તો દક્ષિણ ગુજરાતનું આ સુંદર શહેર પ્રખ્યાત 'તિથલ બીચ' ધરાવે છે, જ્યાં કાળી રેતીનો અદભુત દરિયા કિનારો પ્રવાસીઓને આકર્ષે છે. નવસારી (ઉભરાટ)માં નવસારી પાસે આવેલો 'ઉભરાટ બીચ' પ્રકૃતિના સનિધ્યમાં માણવા જેવો દરિયા કિનારો છે. ખંભાત (આણંદ) અંગે જાણીએ તો એક જમાનામાં જે વિશ્વ વ્યાપારનું સૌથી મોટું કેન્દ્ર હતું તે ઐતિહાસિક ખંભાત શહેર આ જ અખાતના મુખ પર વસેલું છે.ટૂંકમાં કહીએ તો પર્યટન અને રોજગારીનો સમન્વય જોવા મળે છે કેમકે આ શહેરો માત્ર ભૌગોલિક નગરો નથી, પરંતુ લાખો માછીમારો, ક્ષાર ઉદ્યોગના શ્રમિકો અને પોર્ટ કર્મચારીઓની રોજીરોટી આ દરિયા સાથે જોડાયેલી છે. ગુજરાતના પ્રવાસન વિભાગ (ઝજ્ઞીશિતળ ઈજ્ઞાજ્ઞિફિશિંજ્ઞક્ષ જ્ઞર ત્ર્વ્રીષફફિં) દ્વારા આ તટવર્તી શહેરોનો વિકાસ થતાં હવે ગ્લોબલ ટૂરિઝમ નકશા પર પણ આ સ્થાનો ચમકી રહ્યા છે.


### કિંમતી ઝીંગા અને જળચર જીવો

માછલીઓ સિવાય સૌરાષ્ટ્રનો દરિયો પ્રખ્યાત જળચરોનો પણ ભંડાર છે. મોટા કદના ટાઈગર પ્રોન્સ ઝીંગા છે, જેની વિદેશમાં નિકાસ કરીને કરોડો રૂપિયા કમાવવામાં આવે છે. પથરાળ દરિયાઈ પટ્ટામાં જોવા મળતો લોબસ્ટર મોંઘો દરિયાઈ જીવ છે. જામનગર અને કચ્છના અખાતમાં મોતી આપતી કાળુ માછલીઓ પણ જોવા મળે છે. દુનિયાની સૌથી મોટી માછલી ગણાતી 'વ્હેલ શાર્ક' (સ્થાનિક નામઃ મગર મચ્છી) દર વર્ષે પ્રજનન માટે ઓસ્ટ્રેલિયા તરફથી હજારો કિલોમીટરનું અંતર કાપીને ખાસ સૌરાષ્ટ્રના (સૂત્રાપાડા અને વેરાવળ) દરિયા કિનારે આવે છે. એક જમાનામાં તેનો શિકાર થતો હતો, પરંતુ મોરારીબાપુની પ્રેરણા અને વન વિભાગના પ્રયાસોથી હવે તેને 'દરિયાઈ દીકરી' ગણીને માછીમારો સ્નેહપૂર્વક બચાવે છે.

### સૌરાષ્ટ્ર અને ગુજરાતનો દરિયાકાંઠો જીવસૃષ્ટિ- મત્સ્યઉદ્યોગ માટે સોનાની ખાણ

રાજકોટ : સૌરાષ્ટ્ર અને ગુજરાતનો ૧,૬૦૦ કિલોમીટર લાંબો સમૃદ્ધ દરિયા કિનારો માત્ર વ્યાપાર કે પર્યટન માટે જ નહીં, પરંતુ દરિયાઈ જીવસૃષ્ટિ અને મત્સ્યઉદ્યોગ માટે પણ આખા દેશમાં સોનાની ખાણ ગણાય છે. અરબી સમુદ્રના ગરમ અને પોષક તત્વોથી સભર પાણીને કારણે અહીં અસંખ્ય પ્રજાતિની કિંમતી અને વિશિષ્ટ માછલીઓ વિહરે છે. ખાસ કરીને વેરાવળ, માંગરોળ, પોરબંદર અને જાફરાબાદના મત્સ્ય બંદરો પર જે માછલીઓનો મોટો વેપાર અને નિકાસ થાય છે, તેની વિગતો સાથે ૪ કોલમનું વિસ્તૃત માહિતીસભર મેટર 'નૂતન પ્રભાત'ની શૈલીમાં તૈયાર છે. અરબી સમુદ્રનો અખૂટ ખજાનો જોઈએ તો સૌરાષ્ટ્ર-ગુજરાતના દરિયામાં વિહરતી માછલીઓની અદભુત સૃષ્ટિ સમાયેલી છે. વૈશ્વિક બજારમાં જેની ભારે માંગ છે તેવી કિંમતી 'પોમ્ફ્રેટ' અને 'ઘોલ' થી લઈને સ્થાનિક સ્તરે પ્રખ્યાત 'બોમ્બે ડક' સુધીની પ્રજાતિઓનું સરનામું એટલે આપણો સાગર કાંઠો. ગુજરાતનો સાગર કિનારો દેશમાં સૌથી વધુ મત્સ્ય ઉત્પાદન કરતું કેન્દ્ર છે.

### અર્થતંત્રને કરોડો રૂપિયાનું વિદેશી હૂંડિયામણ કમાઈ આપતી દરિયાઈ જીવસૃષ્ટિ પર એક વિશેષ નજર



રાજકોટ : સૌરાષ્ટ્રના સમુદ્રમાં વહેતા પ્રવાહો અને ખાડીઓની ભૌગોલિક રચનાને કારણે અહીં માછલીઓ માટે ઉત્તમ પ્રજનન વાતાવરણ મળી રહે છે. આ જ કારણે અહીં સેંકડો પ્રજાતિની માછલીઓ જોવા મળે છે, જેમાંથી ઘણી તો એવી છે જેની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં લાખો રૂપિયામાં બોલાય છે. સૌરાષ્ટ્ર-ગુજરાતના દરિયામાં ઉછરતી ખાસ પ્રકારની માછલીઓ જોઈએ તો પોમ્ફ્રેટ માછલી સમુદ્રની રાણી ગણવામાં આવે છે. સૌરાષ્ટ્રના દરિયાની સૌથી પ્રખ્યાત અને સ્વાદપ્રિય માછલી એટલે 'પોમ્ફ્રેટ'. ગણવામાં આવે છે. આ માછલી ખાસ કરીને બે પ્રકારમાં જોવા મળે છેઃ સિલ્વર પોમ્ફ્રેટ (સફેદ) અને બ્લેક પોમ્ફ્રેટ (કાળી). પોરબંદર અને વેરાવળના દરિયામાંથી પકડાતી સફેદ પોમ્ફ્રેટની માંગ ચીન, જાપાન અને અખાતી દેશોમાં ખૂબ વધારે છે. માછીમારો માટે આ માછલી આર્થિક રીતે ખૂબ કિંમતી ગણાય છે. ઘોલ માછલી ૨. સમુદ્રનું સોનું મનાય છે. તાજેતરના વર્ષોમાં જે માછલીને ગુજરાતની 'સ્ટેટ ફિશ' (રાજ્ય માછલી) તરીકે જાહેર કરવામાં આવી છે, તે છે 'ઘોલ માછલી'.માછલી કદમાં ખૂબ મોટી હોય છે અને તેની કિંમત હજારોથી લઈને લાખો રૂપિયા સુધી પહોંચી જાય છે. તેના માંસ ઉપરાંત તેના પેટના ભાગમાં આવેલી વાયુ કોથળી (અશઈિહફમમચ઼)નો ઉપયોગ વૈશ્વિક સ્તરે મોંઘી દવાઓ અને વાઈન શુદ્ધિકરણમાં થતો હોવાથી તે 'સમુદ્રનું સોનું' કહેવાય છે. નામ ભલે બોમ્બે ડક હોય, પણ બોમ્બિલ અથવા બોમ્બે ડક માછલી ગુજરાત અને ખાસ કરીને જાફરાબાદ તથા ખંભાતના અખાતના દરિયા કિનારે અઢળક પ્રમાણમાં જોવા મળે છે. સ્થાનિક ભાષામાં માછીમારો તેને 'બૂમલા' પણ કહે છે.આ ખૂબ જ નરમ અને પાણીના અંશવાળી માછલી છે. તેને દરિયાકાંઠે મોટા માંચડા બનાવીને સૂર્યના તડકામાં સૂકવવામાં આવે છે. સૂકવેલા બૂમલાની ભારતભરમાં ભારે માંગ રહે છે. અરબી સમુદ્રના વિશાળ પટ્ટામાં રોજિંદા ધોરણે ટનબંધ પકડાતી અન્ય મુખ્ય પ્રજાતિઓ વિષે પણ અહી રોચક માહિતી ઉપલબ્ધ કરાઈ છે. જેમાં સુરમાઈ માછલી તેના સ્વાદ અને મજબૂત કદ માટે જાણીતી છે. મધ્યમ કદની બંગડા માછલી સૌરાષ્ટ્રના દરિયામાં મોટા ટોળામાં વિહરતી જોવા મળે છે અને તે સ્થાનિક બજારમાં ખૂબ સસ્તી અને લોકપ્રિય છે.રાણી માછલીનો ગુલાબી રંગ હોવાથી તેને રાણી માછલી કહે છે, જે વેરાવળ બંદર પર મોટા જથ્થામાં જોવા મળે છે.ખંભાતના અખાત અને કાદવવાળા કિનારે જોવા મળતી આ અદભુત લેવટા માછલી પાણીની બહાર જમીન કે પથ્થરો પર પણ કૂદાકૂદ કરી શકે છે.

## મત્સ્યઉદ્યોગની કરોડરજ્જુ-માછલીઓ દરિયાઈ ખેતી પર પ્રતિબંધનો કાયદો

રાજકોટ : આંતરરાષ્ટ્રીય બજારમાં કરોડો કમાવી આપતી પ્રજાતિઓ કઈ? દર વર્ષે ચોક્કસ દિવસો માટે કેમ બંધ થઈ જાય છે માછીમારોના વહાણોના પૈડાં? તેની વિગતો પર ડોકિયું કરીએ તો ગુજરાત અને સૌરાષ્ટ્રનો મત્સ્યઉદ્યોગ માત્ર સ્થાનિક બજાર પૂરતો સીમિત નથી, પણ તે વૈશ્વિક સ્તરે કરોડો રૂપિયાનું વિદેશી હૂંડિયામણ કમાઈ આપતો મજબૂત ઉદ્યોગ છે. વેરાવળ, પોરબંદર અને માંગરોળ જેવા બંદરો પરથી દરરોજ ટનબંધ માછલીઓ પ્રોસેસ થઈને વિદેશ મોકલવામાં આવે છે. પરંતુ, આ અખૂટ ગણાતા સાગરમાં પણ કુદરતના નિયમો અને સરકારી કાયદાઓ લાગુ પડે છે, જેથી દરિયાઈ સૃષ્ટિનું સંતુલન જળવાઈ રહે તેવું માનવામાં આવે છે. વ્યાપારી દ્રષ્ટિએ મત્સ્યઉદ્યોગમાં માછલીઓનો ઉપયોગ મુખ્યત્વે બે હેતુ માટે થાય છેઃ એક ખોરાક (નિકાસ) માટે અને બીજો ઔદ્યોગિક ઉત્પાદનો (દવાઓ, તેલ, ખાતર) માટે.

નિકાસ અને આર્થિક કમાણી માટે મત્સ્યઉદ્યોગમાં સૌથી વધુ કમાણી પોમ્ફ્રેટ ઘોલ માછલી, સુરમાઈ અને રિબન ફિશ (પટ્ટી માછલી) માંથી થાય છે. આ માછલીઓ પકડીને તરત જ કોલ્ડ સ્ટોરેજમાં પ્રોસેસ કરીને ચીન, યુરોપ, જાપાન અને અખાતી દેશોમાં એક્સપોર્ટ કરાય છે. ઉદ્યોગમાં સૌથી મોટો નફો ઝીંગા માં છે. તેની દરિયાઈ પકડ ઉપરાંત સૌરાષ્ટ્રના કાંઠે મોટા પાયે 'ઝીંગા ઉછેર કેન્દ્રો' ધમધમે છે. બંગડા અને સારડીન જેવી માછલીઓનો ઉપયોગ ખાધ્ય તેલ અને પશુ આહાર કે ખાતર બનાવવાના મોટા પ્લાન્ટ્સમાં થાય છે. ગુજરાત સરકારના મત્સ્યઉદ્યોગ વિભાગ દ્વારા દર વર્ષે દરિયામાં માછીમારી કરવા પર એક ચોક્કસ સમયગાળા માટે સખત પ્રતિબંધ મૂકવામાં આવે છે, જેને અખબારી ભાષામાં 'મોનસૂન બાન' કહે છે. સરકરી સુત્રોના મતે દર વર્ષે ચોમાસા દરમિયાન ૧ જૂનથી લઈને ૧૫ ઓગસ્ટ સુધી (કુલ ૭૫ દિવસ) દરિયામાં યાંત્રિક બોટો દ્વારા માછીમારી કરવા પર સંપૂર્ણ કાનૂની પ્રતિબંધ હોય છે. આવા પ્રતિબંધ પાછળના ૨ મુખ્ય કારણોને નજરે લેવામાં આવે છે. જેમાં ચોમાસાના આ ૭૫ દિવસો માછલીઓ અને અન્ય દરિયાઈ જીવો માટે ઈંડા મૂકવાનો અને પ્રજનનનો મુખ્ય સમય હોય છે. જો આ સમયે જ મોટી બોટો અને નેટ (જાળી) નાખીને



માછલીઓ પકડવામાં આવે, તો નાની માછલીઓ અને ઈંડા નાશ પામે. દરિયાઈ જીવસૃષ્ટિ ખતમ ન થઈ જાય અને ભવિષ્યમાં માછલીઓનો જથ્થો જળવાઈ રહે તે માટે કુદરતને આ 'બ્રીડિંગ વિન્ડો' આપવી કાયદાકીય રીતે ફરજિયાત છે. જયારે જૂનથી ઓગસ્ટ મહિના દરમિયાન અરબી સમુદ્ર અત્યંત તોફાની બને છે. દરિયામાં ઊંચા મોજાં ઉછળે છે, ભારે પવન ફૂંકાય છે અને વાવાઝોડાની સ્થિતિ વારંવાર સર્જાય છે. આવા જોખમી વાતાવરણમાં માછીમારોના જાનમાલનું નુકસાન ન થાય તે માટે સરકારી તંત્ર દ્વારા બોટોને દરિયામાં જવાની મનાઈ હોય છે. તમામ બોટો આ સમયે બંદર પર લાંગરી દેવામાં આવે છે અને માછીમારો પોતાની જાળીઓ અને બોટોનું સમારકામ કરે છે.૧૬ ઓગસ્ટથી દરિયાઈ સિઝનની નવી શરૂઆત થાય છે, જેને માછીમારો નાળિયેરી પૂનમ આસપાસ દરિયાદેવની પૂજા કરીને ઉત્સાહભેર આવકારે છે.

# દિલ્હીથી નીકળેલો રૂપિયો સીધો ગરીબોના બેંક ખાતામાં: શાહ

## ગાંધીનગર લોકસભા ક્ષેત્ર માટે 'પીએમ ફેમિલી ટ્રેકર' અને 'હેલ્થ પાસપોર્ટ' સેવાનો પ્રાયોગિક પ્રારંભ કરાવતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ

ગાંધીનગર, તા.૨૮

લોકસભા મતવિસ્તાર માટે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર એક વિશેષ સંકલિત ડિજિટલ પ્લેટફોર્મ 'પીએમ - ફેમિલી કેર ટ્રેકર' પાયલોટ પ્રોજેક્ટ કાર્યરત કરવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૧૪ એ ભારતના ઇતિહાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ વર્ષ છે. આઝાદીના ૧૦૦ વર્ષનો ઈતિહાસ જ્યારે પણ લખાશે, ત્યારે તેના બે સ્પષ્ટ ભાગ હશે, ૨૦૧૪ પહેલાંનું ભારત અને ૨૦૧૪ પછીનું ભારત. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશની શિક્ષણનીતિ, અર્થતંત્ર અને ઔદ્યોગિક વિકાસ સહિત દરેક ક્ષેત્રમાં દીર્ઘકાલીન આયોજન સાથે આમૂલ પરિવર્તન આવ્યું છે. હવે વડાપ્રધાન ના પારદર્શી શાસન થકી દિલ્હીથી નીકળેલો રૂપિયો આજે સીધો ગરીબોના બેંક ખાતામાં જમા થાય છે તેવું આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે જણાવ્યું હતું.

ગાંધીનગર લોકસભા ક્ષેત્ર ખાતેથી પ્રાયોગિક ધોરણે 'પીએમ ફેમિલી ટ્રેકર' અને 'હેલ્થ પાસપોર્ટ' યોજનાનો શુભારંભ



કરાવતા કેન્દ્રીય ગૃહ મંત્રીએ ઉમેર્યું હતું કે, આ કોમન આઈડેન્ટિટી સિસ્ટમથી શાસનની કામગીરી વધુ સુદ્રઢ બનશે અને કોઈ પણ પાત્રતા ધરાવતા લાભાર્થી લાભથી વંચિત નહીં રહે.ઉત્તર પ્રદેશના પોતાના અનુભવો વણી લેતા દારુણ ગરીબીનો ચિતાર આપ્યો હતો અને ઉમેર્યું હતું કે, મોદી સરકારે દેશના ૭૦ કરોડ ગરીબોને ઘર, વીજળી, નળથી જળ, શૌચાલય, ગેસ સિલિન્ડર, મફત અનાજ અને ૫ લાખ સુધીની મફત સારવાર આપીને પાંચ-પાંચ પેઢીઓનું સપનું માત્ર ૧૨ વર્ષમાં પૂરું કર્યું છે. મહાત્મા ગાંધીના 'રામરાજ્ય'ની વ્યાખ્યાને સાર્થક કરતા તેમણે કહ્યું કે, માત્ર યોજનાઓ બનાવવી પૂરતી નથી, પરંતુ પ્રજાની ચિંતા, કાળજી અને માવજત કરવી તે સાચું શાસન છે.

આ જટિલ સિસ્ટમ અને સોફ્ટવેર તૈયાર કરવા બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને સમગ્ર વહીવટી તંત્રની ભારે પ્રશંસા કરી હૃદયપૂર્વક અભિનંદન પાઠવી નવતર પ્રયોગ વિશે માહિતી આપતા જણાવ્યું કે, આ ટ્રેકરના માધ્યમથી જન્મ-મૃત્યુ, સ્વાસ્થ્ય, પોષણ, શિક્ષણ અને સમાજ કલ્યાણ જેવા તમામ વિભાગોના ડેટાબેઝને એક કોમ્પ્યુટર પ્રણાલીમાં સાંકળી લેવાયા છે. કોઈ બાળક રસીકરણથી વંચિત રહી જશે કે કોઈ બાળકી શાળાએ જવાનું બંધ કરશે, તો તુરંત જ સિસ્ટમમાં એલર્ટ થશે. સ્થાનિક અધિકારીઓથી લઈને ધારાસભ્ય અને સાંસદ સુધી નામ ફ્લેશ થતાં જ સ્વયંસેવકો અને તંત્ર બાળકના ઘરે પહોંચી તેની સુવિધા સુનિશ્ચિત કરશે. માતાના ગર્ભથી લઈને ૧૬ વર્ષના બાળક સુધીના સ્વાસ્થ્ય અને પોષણનું આઈટી માધ્યમથી સચોટ ટ્રેકિંગ થશે. પ્રધાનમંત્રી ફેમિલી કેર ટ્રેકર અને બાળકોના હેલ્થ પાસપોર્ટને દરેક પરિવાર માટે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથેની આરોગ્ય રક્ષાની સંવેદનશીલ અને સુગ્રથિત વ્યવસ્થા મુખ્યમંત્રીએ ગણાવી હતી.તેમણે જણાવ્યું કે, આ યોજના ગર્ભથી ગૌરવપૂર્ણ યુવાની સુધી બાળક અને માતાના જીવનને સુરક્ષિત, સ્વસ્થ અને આરોગ્ય સમૃદ્ધ બનાવવાના નવા યુગની શરૂઆત છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સ્વસ્થ નાગરિકને વિકસિત રાષ્ટ્રની સૌથી મોટી શક્તિ ગણાવી છે તેનો વિશેષ ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, તેમના નેતૃત્વમાં આરોગ્ય ક્ષેત્રમાં ભારતે સારવાર આધારિત વ્યવસ્થાથી આગળ વધીને હોલિસ્ટિક હેલ્થ કેરનો અભિગમ અપનાવ્યો છે. વડાપ્રધાનએ પ્રિવેન્ટિવ હેલ્થકેર, પ્રોમોટિવ હેલ્થકેર, એફોર્ડેબલ હેલ્થકેર અને ડિજિટલ હેલ્થકેર એમ ચાર મુખ્ય આધાર સ્તંભથી ૧૪૦ કરોડ દેશવાસીઓના સર્વગ્રાહી આરોગ્ય સુખાકારીની ચિંતા કરી છે એમ ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ સ્વસ્થ બાળક - સ્વસ્થ પેઢીનો ઉદ્દેશ પાર પાડવામાં ગુજરાતે માતા અને બાળ આરોગ્ય સંભાળ તથા પોષણ ક્ષેત્રે કરેલી મહત્વપૂર્ણ કામગીરીની ભૂમિકા આપી હતી. આ સંદર્ભમાં તેમણે નમો યોજનામાં જરૂરતમંદ અને સગર્ભા - ધાત્રી માતાઓને રૂ. ૧૨ હજાર સુધીની સહાયની તેમજ જિલ્લાઓમાં ડે કેર સેન્ટર, ડાયાલિસિસ સેન્ટર, કેન્સર સારવાર તથા કાર્ડીયાક સર્જરી અને કિડનીના રોગોની સારવારની ઉપલબ્ધીની વિગતો આપી હતી.માતા અને બાળ મૃત્યુદર ઘટાડવામાં, કુપોષણ નિવારવામાં અને અદ્યતન આરોગ્ય રક્ષા કવચની સુવિધા આપવામાં પી.એમ. ફેમિલી કેર ટ્રેકર અને હેલ્થ પાસપોર્ટ નવા માઈલ સ્ટોન પ્રસ્થાપિત કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આજના ગૌરવવંતા કાર્યક્રમમાં સૌનું શાબ્દિક સ્વાગત કરતાં આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ જણાવ્યું હતું કે, ગુજરાત આજે આરોગ્ય ક્ષેત્રે દેશભરમાં મૉડેલ રાજ્ય તરીકે પ્રસ્થાપિત થયું છે.

આ પ્રોજેક્ટ હેઠળ રાજ્યનું એક પણ બાળક રસીકરણથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરાશે. બાળકના જન્મથી જ એક વિશેષ કાર્ડ બનશે, જેમાં તેના ૧૮ વર્ષ સુધીના આનુવંશિક અને અન્ય રોગોના નિદાન તથા સારવારની વિગતો ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ રહેશે.

ઉલ્લેખનીય છે કે,આ વિશેષ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે પ્રધાનમંત્રી ફેમિલી કેર ટ્રેકર' યોજનાના પ્રથમ ત્રણ લાભાર્થીઓને સત્તાવાર ડિજિટલ પત્રક એનાયત કરીને પ્રોજેક્ટની સફળ શરૂઆત કરાવવામાં આવી હતી. તેમણે બાળકોને પોલિયોના ટીપાં પીવડાવ્યા હતા. આ સાથે જ કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય ગૃહ મંત્રીના હસ્તે બાળકો, ધાત્રી માતાઓ અને સગર્ભા મહિલાઓને ન્યુટ્રિશન કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આરોગ્ય સુરક્ષાના આ મહત્વપૂર્ણ અભિયાન અંતર્ગત, મંત્રી દ્વારા 'હેલ્થ પાસપોર્ટ' જારી કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગાંધીનગર સ્માર્ટ સિટી બનવા તરફ વધુ એક ઐતિહાસિક કદમ આગળ વધારતા ડ્ખ યઈીત જ્યફનું પણ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે.આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, મેયર મીરાબેન પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશ પટેલ, ધારાસભ્ય રીટાબેન પટેલ, કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહનજી, આંતરરાજ્ય પરિષદના સચિવ આશિષકુમાર વાસ્તવ, મુખ્ય સચિવ મનોજકુમાર દાસ, અધિક મુખ્ય સચિવ રાજીવ ટોપના વગેરે પદાધિકારીઓ, અધિકારીઓ તથા બહોળી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# તિરુપતિ બાલાજીના ચરણોમાં અનંત અંબાણી ૨૭.૫ કરોડની ભેટ

### TTDને ૨૫ અત્યાધુનિક હાઈટેક ઈલેક્ટ્રિક બસો દાન કરવાની ઐતિહાસિક જાહેરાત બસોની સાથે ૫૦ ડ્રાઈવરોનો પગાર અને ચાર્જિંગ સ્ટેશનનો સંપૂર્ણ ખર્ચ પણ રિલાયન્સ ઉઠાવશે





નવી દિલ્હી, તા.૨૮

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અનંત અંબાણીએ તિરૂમલા સ્થિત ભગવાન શ્રી વેંકટેશ્વર સ્વામી (તિરૂપતિ બાલાજી) ના મંદિરે દર્શન કરીને એક મોટો સેવા સંકલ્પ લીધો છે. રવિવારે વહેલી સવારે મંદિરમાં સુપ્રભાત સેવા દરમિયાન ભગવાનના દર્શન કર્યા બાદ, તેમણે તિરૂમલા તિરૂપતિ દેવસ્થાનમ (TTD) ને અંદાજે ₹૨૭.૫ કરોડની કિંમતની ૨૫ હાઈટેક ઈલેક્ટ્રિક બસો દાનમાં આપવાની જાહેરાત કરી છે. અંબાણી પરિવારની આ પહેલ શ્રદ્ધાળુઓ માટે પરિવહન સુવિધા સુધારવાની સાથે પર્યાવરણ સંરક્ષણની દિશામાં પણ એક મોટું પગલું માનવામાં આવી રહી છે.

અનંત અંબાણીએ જાહેરાત કરી છે કે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ માત્ર અત્યાધુનિક ઈલેક્ટ્રિક બસો જ પૂરી નહીં પાડે, પરંતુ આ બસો ચલાવવા માટે જરૂરી ૫૦ ડ્રાઈવરોના પગાર અને ભથ્થાનો સંપૂર્ણ ખર્ચ પણ પોતે જ વહન કરશે. આ નિર્ણયથી મંદિર પ્રશાસન પરનો આર્થિક બોજ હળવો થશે અને લાખો ભક્તોને વધુ સુવિધાજનક અને સુગમ યાત્રા મળી શકશે. દર્શન બાદ વૈદિક વિદ્વાનોએ અનંત અંબાણીને આશીર્વાદ આપ્યા હતા અને મંદિર પ્રશાસન દ્વારા તેમને શ્રીવારી તીર્થ પ્રસાદ અને રેશમી વસ્ત્ર ભેટ આપીને સન્માનિત કરાયા હતા.

ગ્રીન મોબિલિટી અભિયાન હેઠળ, રિલાયન્સ કંપની તિરૂમલા ખાતે આ ઈલેક્ટ્રિક બસો માટે જરૂરી ચાર્જિંગ સ્ટેશનો સ્થાપવાની જવાબદારી પણ નિભાવશે.

આનાથી તિરૂપતિ-તિરૂમલા માર્ગ પર ડીઝલ વાહનો પરની નિર્ભરતા ઘટશે અને આખા વિસ્તારમાં કાર્બન ઉત્સર્જન ઓછું કરવામાં મદદ મળશે. આ પહેલ રિલાયન્સની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) નો એક મહત્વપૂર્ણ ભાગ છે.

# ગ્રેજ્યુએટ સુધીના યુવાનો માટે ૬000થી વધુ પદો પર ભરતી

### બેંક ઓફ ઈન્ડિયામાં ૧૫૦૦ POની જગ્યાઓ ખાલી, ૮ જુલાઈ સુધી કરી શકાશે અરજી

ગાંધીનગર, તા.૨૮

સરકારી નોકરીની તલાશ કરી રહેલા યુવાનો માટે આ સમય અનેક સુવર્ણ તકો ઝડપી લેવાનો છે. દેશભરના વિવિધ સરકારી વિભાગોમાં ૬૦૦૦થી વધુ જગ્યાઓ પર ભરતી માટે નોટિફિકેશન જારી કરવામાં આવ્યું છે. આ નોકરીઓ માટે ધોરણ ૧૦ પાસ, ૧૨ પાસ અને ગ્રેજ્યુએટ ડિગ્રી ધરાવતા ઉમેદવારો અરજી કરી શકે છે.

આવી સ્થિતિમાં જો તમે પણ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહ્યા છો, તો આ પદો માટે સમયસર અરજી કરી દેવી હિતાવહ છે, જેથી અંતિમ સમયમાં સર્વર ડાઉન થવા જેવી કોઈ મુશ્કેલીનો સામનો ન કરવો પડે. અરજી કરતા પહેલાં દરેક પદ માટે જરૂરી લાયકાત અને શરતો જાણી લેવી અત્યંત જરૂરી છે.

બેંક ઓફ ઈન્ડિયા (BOI)માં ૧૫૦૦ પ્રોબેશનરી ઓફિસર (PO)ની ભરતી દેશની સૌથી મોટી સરકારી બેન્કોમાંની એક એવી બેંક ઓફ ઈન્ડિયા (BOI)માં પ્રોબેશનરી ઓફિસર (PO)ની જગ્યાઓ પર ભરતી માટે નોટિફિકેશન જારી કરવામાં આવ્યું છે. ૮ મી જુલાઈ અંતિમ તારીખ નિયત કરાઈ છે. ગ્રેજ્યુએશનની ડિગ્રી આ ભરતી પ્રક્રિયા હેઠળ ઓનલાઈન અરજી પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. પસંદગી પ્રક્રિયા ત્રણ તબક્કામાં યોજાશે, જેમાં ફેઝ-૧ પ્રિલિમિનરી



પરીક્ષા અને ફેઝ-૨ મુખ્ય પરીક્ષાનો રહેશે. ઈચ્છુક ઉમેદવારો સત્તાવાર વેબસાઈટ પર જઈને સમયસર અરજી કરી શકે છે. કર્ણાટક પોલીસ વિભાગે પોલીસ કોન્સ્ટેબલના પદો પર ભરતી માટે ઓફિશિયલ નોટિફિકેશન જારી કરી દીધું છે.

૩૯૯૧ પદ માટે છેલ્લી તારીખ ૩ જી જુલાઈ નક્કી કરાઈ છે. ધોરણ ૧૨ પાસ હોવું અનિવાર્ય આ ભરતી માટે પણ ઓનલાઈન અરજી પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. જે યુવાનો પોલીસ વિભાગમાં જોડાઈને દેશની સેવા કરવા માંગે છે તેમના માટે આ એક ઉત્તમ તક છે. જ્યારે ગઈઅઈકમાં ૫૫૦ એપ્રેન્ટિસ પદો માટે નોકરીની તક જોઈએ તો ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડ (NIACL) દ્વારા એપ્રેન્ટિસના પદો પર ભરતી માટે અરજીઓ મંગાવવામાં આવી છે. આ કંપનીમાં ૫૫૦ માટે છેલ્લી તારીખઃ ૬ જુલાઈ નક્કી કરવામાં આવી છે. ગ્રેજ્યુએટની ડિગ્રી આ પદની સૌથી મોટી ખાસિયત એ છે કે આ માટે અરજી કરવા ઈચ્છુક યુવાનો પાસે કોઈ પણ પ્રકારના વર્ક એક્સપિરિયન્સની (કાર્ય અનુભવની) જરૂર નથી. ફ્રેશર ઉમેદવારો પણ આ માટે આરામથી અરજી કરી શકે છે.

# ભારતનું સી-ફુડમાં વાર્ષિક ૬૦ હજાર કરોડથી વધુનું ટર્ન ઓવર





### અમેરિકા અને ચીન ભારતીય માછલીઓ-ઝીંગાના સૌથી મોટા ખરીદદાર

રાજકોટ, તા.૨૮

ભારતમાંથી સી-ફુડ (દરિયાઈ ઉત્પાદનો) દુનિયાના ખૂણે-ખૂણે જાય છે. આંતરરાષ્ટ્રીય બજાર અને વાણિજ્ય મંત્રાલયના અહેવાલો મુજબ ભારતનું જે વૈશ્વિક માર્કેટ છે, તેની નિકાસના દેશો, વાર્ષિક વજન (ક્વોન્ટિટી) અને રૂપિયામાં ટર્નઓવરની અંદાજીત મળેલી વિગતો પણ જાણવા જેવી છે. અમેરિકા અને ચીન ભારતીય માછલીઓ-ઝીંગાના સૌથી મોટા ખરીદદારની વિગતો જોઈએ તો આ બંને દેશોને દર વર્ષે ૧૭ લાખ ટનથી વધુ દરિયાઈ ઉત્પાદનોની વિદેશમાં નિકાસ કરવામાં આવે છે. ભારતનો મત્સ્યઉદ્યોગ આજે વૈશ્વિક સ્તરે એક મહાસત્તા તરીકે ઉભરી આવ્યો છે.

દુનિયાના નકશા પર ભારત સી-ફડ (જ્યફરૃજ્ઞદ્મ) એક્સપોર્ટ કરતો ત્રીજો સૌથી મોટો દેશ છે. સૌરાષ્ટ્રના વેરાવળ અને પોરબંદર જેવા બંદરોથી લઈને આંધ્રપ્રદેશ અને કેરળના દરિયાકાંઠેથી પકડાતી માછલીઓ અને ઝીંગા દુનિયાના વિકસિત દેશોના ડિનર ટેબલની શાન બને છે. ભારત સરકારના નવીનતમ આંકડાઓ દર્શાવે છે કે આ ઉદ્યોગ દેશને દર વર્ષે અબજો રૂપિયાનું વિદેશી હૂંડિયામણ કમાઈ આપે છે. ભારતમાંથી ક્યા ક્યા દેશોમાં નિકાસ થાય છે? તે અંગે પ્રાપ્ત વિગતો મુજબ ભારતની માછલીઓ અને દરિયાઈ જીવો મુખ્યત્વે જે દેશો અને વિસ્તારોમાં સૌથી વધુ મોકલવામાં આવે છે તેમાં ભારતીય સી-ફડનો સૌથી મોટો ખરીદદાર અમેરિકા છે. ખાસ કરીને ભારતના ફ્રોઝન ઝીંગા ની અમેરિકન માર્કેટમાં એકહથ્થુ સત્તા છે.

કુલ નિકાસનો આશરે ૩૫ ટકાથી વધુ હિસ્સો એકલું અમેરિકા ખરીદે છે. બીજા ક્રમે આપણો પાડોશી દેશ ચીન આવે છે. ચીનમાં ભારતીય રિબન ફિશ, પ્રોન્સ અને કટલફિશની ભારે માંગ રહે છે. યુરોપિયન યુનિયન હેઠળના ફ્રાન્સ, ઈટાલી, જર્મની, સ્પેન અને બેલ્જિયમ જેવા યુરોપના સમૃદ્ધ દેશો ભારતના ક્વોલિટી સી-ફડના બહુ મોટા ગ્રાહકો છે. દક્ષિણ-પૂર્વ એશિયા હેઠળના જાપાન, વિયેતનામ, થાઈલેન્ડ, તાઈવાન અને દક્ષિણ કોરિયા જેવા દેશોમાં ભારતની પ્રીમિયમ માછલીઓ (જેવી કે સિલ્વર પોમ્ફ્રેટ અને ટ્યુના) મોટી માત્રામાં જાય છે.મિડલ ઈસ્ટ (અખાતી દેશો)ના દુબઈ, સાઉદી અરેબિયા અને ઓમાન જેવા દેશોમાં પણ ભારતીય માછલીઓનો મોટો વેપાર ફેલાયેલો છે.

ભારત સરકારના એક્સપોર્ટ ઓથોરિટીના વાર્ષિક અહેવાલોના આધારે, ભારતે મત્સ્યઉદ્યોગની નિકાસમાં અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડ્યા છે. ભારત દર વર્ષે અંદાજે ૧૭,૦૦,૦૦૦ મેટ્રિક ટન (૧૭ લાખ ટન) થી વધુ સી-ફડ અને માછલીઓની વિદેશમાં નિકાસ કરે છે. આવાઆંતરરાષ્ટ્રીય વેપારનું વાર્ષિક ટર્નઓવર આશરે ૬૦,૦૦૦ કરોડથી લઈને ૬૫,૦૦૦ કરોડ (અંદાજે ૭.૩ થી ૮ બિલિયન યુએસ ડોલર) જેટલું માતબર થવા જાય છે. આ આખી નિકાસમાં એકલું ગુજરાત દર વર્ષે આશરે ૬,૦૦૦થી ૭,૦૦૦ કરોડનું કન્ટ્રિબ્યુશન આપે છે, જેમાં સૌરાષ્ટ્રના પ્રોસેસિંગ પ્લાન્ટ્સ સિંહફાળો ધરાવે છે.

વિદેશ જતા કુલ માલમાંથી સૌથી વધુ ૭૦ ટકા થી વધુ કમાણી એકલા ફ્રોઝન ઝીંગા કરાવી આપે છે. ત્યારબાદ ફ્રોઝન ફિશ (જેમાં પોમ્ફ્રેટ, સુરમાઈ, અને રીબન ફિશ મુખ્ય છે), કટલફિશ અને સ્ક્વિડ (દળદાર દરીયાઈ જીવ)નો નંબર આવે છે. ભારત દુનિયામાં બીજા નંબરનો સૌથી મોટો 'એક્વાકલ્ચર' (કૃત્રિમ તળાવોમાં માછલી-ઝીંગા ઉછેર) કરતો દેશ છે અને ગ્લોબલ સી-ફડ માર્કેટમાં ભારતનો હિસ્સો દર વર્ષે સરેરાશ ૪% થી ૫% ના દરે વધી રહ્યો છે, જે ભારતના અર્થતંત્ર માટે ખુબ જ આશાસ્પદ બાબત છે.

રાજકોટ : સી-ફડ (દરિયાઈ ખોરાક) આમ તો સ્વાસ્થ્ય માટે ખૂબ પૌષ્ટિક ગણાય છે, પણ જો દરિયાનું પાણી પ્રદૂષિત હોય, માછલીઓ પકડ્યા પછી કોલ્ડ સ્ટોરેજ કે હાઈજીન (સ્વચ્છતા)નું ધ્યાન ન રખાયું હોય, અથવા તેને કાચી કે અધકચરી રાંધીને ખાવામાં આવે, તો તે ગંભીર રોગચાળાનું કારણ ચોક્કસ બને છે.છેલ્લા ૫૦ વર્ષોમાં (૧૯૭૫થી લઈને અત્યાર સુધી) ભારતમાં અને વૈશ્વિક સ્તરે સી-ફડના કારણે કેટલીક મોટી મેડિકલ ઈમરજન્સી અને રોગચાળો (Outbreaks) ફાટી નીકળ્યાના સત્તાવાર કિસ્સા નોંધાયા છે. સી-ફડના કારણે છેલ્લા ૫૦ વર્ષમાં ફાટી નીકળેલા મોટા વૈશ્વિક રોગચાળા પર એક નજર કરીએ તો પ્રદૂષિત પાણી અને બેક્ટેરિયા બન્યા વિલનઃ અમેરિકા, જાપાન અને ભારતના તટીય વિસ્તારોમાં દરિયાઈ ખોરાકથી સેંકડો લોકો ગંભીર બીમારીનો ભોગ બન્યાનો ઈતિહાસ

આંતરરાષ્ટ્રીય સ્તરે સી-ફડનો વ્યાપાર જેટલો મોટો છે, તેની સાથે જોડાયેલો સ્વાસ્થ્યના જોખમો પણ એટલા જ ગંભીર છે. તબીબી વિજ્ઞાન અને વિશ્વ આરોગ્ય સંસ્થા ના અહેવાલો દર્શાવે છે કે સી-ફડમાં ચોક્કસ પ્રકારના વાયરસ, બેક્ટેરિયા અને દરિયાઈ ઝેર (Toxins) ભળવાને કારણે ભૂતકાળમાં ડઝનથી વધુ દેશોમાં મોટો રોગચાળો ફાટી નીકળ્યો છે. આ અહેવાલો માત્ર માછલી ખાનારાઓ માટે જ નહીં, પણ સી-ફડ ઈન્ડસ્ટ્રીના પ્રોસેસિંગ પ્લાન્ટ્સ માટે પણ લાલબત્તી સમાન છે.

અમેરિકામાં કાળો કેર વર્તાવતો 'વિબ્રિયો વલ્નિફિકસ' વશે એવી માહિતી મળી રહી છે કે, છેલ્લા ત્રણ-ચાર દાયકામાં અમેરિકાના દરિયાકાંઠાના રાજ્યોમાં (ખાસ કરીને ફ્લોરિડા અને મેક્સિકોની ખાડીમાં) આ બેક્ટેરિયાએ વારંવાર રોગચાળો ફેલાવ્યો છે. દરિયાના કાચા કે અધકચરા રાંધેલા છીપલાં ખાવાના કારણે આ રોગ ફેલાય છે. આ બેક્ટેરિયા એટલા ખતરનાક છે કે તેને 'માંસ ખાનારા બેક્ટેરિયા' (Flesh-eating bacteria) પણ કહે છે. તેના કારણે અમેરિકામાં દર વર્ષે સેંકડો લોકો ગંભીર ઈન્ફેક્શનનો ભોગ બને છે અને કેટલાક કિસ્સામાં દર્દી એ જીવ પણ ગુમાવવો પડ્યો છે. જાપાનમાં સુશી અને કાચી માછલીથી એનિસાકિયાસિસ એ જાપાન દુનિયામાં સૌથી વધુ સી-ફડ ખાતો દેશ છે, જ્યાં કાચી માછલીમાંથી બનતી 'સુશી' અને 'સાશિમી' ખૂબ લોકપ્રિય છે. છેલ્લા ૫૦ વર્ષોમાં જાપાનમાં દર વર્ષે હજારો લોકો 'એનિસાકિયાસિસ' નામના રોગનો ભોગ બને છે, જે માછલીના પેટમાં રહેતા એક પ્રકારના પરોપજીવી કરમિયા છે. કાચી માછલી ખાવાથી આ કરમિયા મનુષ્યના પેટ અને આંતરડામાં ચોંટી જાય છે, જેનાથી અસહ્ય દુખાવો અને ઓપરેશનની નૌબત આવે છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ઉદ્યોગની અવદશા

## પ્રોત્સાહ ન આપો તો કંઈ નહિ, સુવિધા તો આપો



રોજના કરોડો રૂપિયાનું ટર્નઓવર અને હજારો લોકોને રોજગારી આપતું શાપર-વેરાવળ સૌરાષ્ટ્રનું સૌથી મજબૂત આર્થિક એન્જિન છે. અહીં ઉત્પાદિત થતા એન્જિનિયરિંગ પાર્ટ્સ, સીએનસી મશીનરી અને ઓટો કોમ્પોનન્ટ્સ આખા વિશ્વના બજારોમાં રાજકોટનું નામ રોશન કરે છે.

આ કોઈ સામાન્ય કારખાનાનો વિસ્તાર નથી, પણ ગુજરાતની આર્થિક જીવાદોરી છે. કમનસીબી એ છે કે વૈશ્વિક સ્તરે ડંકો વગાડતું આ ગૌરવશાળી હબ આજે સ્થાનિક વહીવટી તંત્રની ઘોર ઉપેક્ષા, ભ્રષ્ટાચાર અને લાપરવાહીનો જીવતો જાગતો પુરાવો બની ગયું છે. સરકારને કરોડો રૂપિયાનો ટેક્સ અને જીએસટી ચૂકવતા અહીંના ઉદ્યોગકારોને બદલામાં માત્ર નરકાગાર જેવી નબળી સ્થિતિ ભોગવવી પડે છે.

હજુ તો ચોમાસાની બરાબર શરૂઆત પણ નથી થઈ, ત્યાં સામાન્ય વરસાદમાં જ શાપરના મુખ્ય રસ્તાઓ ગંદા પાણીના તળાવમાં ફેરવાઈ ગયા છે. માર્ગો પર પાણી ભરાઈ જતાં ઉદ્યોગકારો અને લાખો શ્રમિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. રસ્તાઓ પર મસમોટા ખાડાઓ સામ્રાજ્ય જમાવીને બેઠા છે. વાહનો વારંવાર ફસાઈ જવાથી કાચો માલ સમયસર ફેક્ટરી સુધી પહોંચતો જ નથી. તૈયાર માલના કન્ટેનરો કલાકો સુધી અટવાઈ જતાં આંતરરાષ્ટ્રીય ઓર્ડરો અને નિકાસ સમયસર ન થવાને કારણે કેન્સલ થવાનું મોટું જોખમ ઊભું થયું છે.

ચોમાસામાં કાદવ અને ગંદકીના ગંજ ખડકાય છે, તો બાકીના દિવસોમાં ધૂળની ડમરીઓ કિંમતી ઓટોમેટેડ મશીનોને પસ્તી બનાવી દે છે. રસ્તા, સફાઈ અને લેવલિંગ જેવી પ્રાથમિક સુવિધાના નામે અહીં સદંતર મીંડું છે.

આ આખી બરબાદી વચ્ચે ઉદ્યોગકારોના નામે રોટલા શેકતી સંસ્થાઓનું વલણ ઓર આઘાતજનક અને નપુંસક જેવું રહ્યું છે. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ જેવી મોટી સંસ્થાઓ માત્ર એસી હોલમાં બેસીને સત્તાધીશો સાથે ફોટા પડાવવામાં અને સેમિનારો કરવામાં જ રાચી રહી છે. ઉદ્યોગોના આ મરણતોલ પ્રશ્નો માટે સરકાર સામે આખરી લડત લડવાને બદલે, આ નેતાઓ માત્ર પોતાના સ્વાર્થ ખાતર સત્તાધીશો સામે ઘૂંટણિયે પડીને મુજરા કરવામાં વ્યસ્ત છે. આ નબળી અને ખુશામતખોર નેતાગીરીને કારણે જ નાના કારખાનેદારો સદાય પીસાતા રહે છે. જે એરિયો સૌરાષ્ટ્રનું અસલી આર્થિક ગૌરવ હોવો જોઈએ, ત્યાં પગ મૂકતાં જ વહીવટી તંત્રની આળસ અને સૌરાષ્ટ્રની અસલી શરમનો અહેસાસ થાય છે. જો તંત્ર અને ચેમ્બર હજુ પણ જમીની હકીકત જોઈને નહીં જાગે, તો રાજકોટના આ વૈશ્વિક ઉદ્યોગની કબર ખોદાઈ જશે એ નક્કી છે.

# હિન્દ મહાસાગરને બનાવાશે અવસરોનો મહાસાગર : PM

## સેશેલ્સથી PM મોદીનો સંદેશઃ સેશેલ્સના સર્વોચ્ચ એવોર્ડ ગાર્ડિયન ઓફ ધ બ્લૂ હોરાઈઝન થી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સન્માનિત

નવી દિલ્હી, તા. ૨૮:

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સેશેલ્સ દેશે પોતાના સર્વોચ્ચ સન્માન પગાર્ડિયન ઓફ ધ બ્લૂ હોરાઈઝનપ (Guardian of the Blue Horizon) થી સન્માનિત કર્યા છે. આ પુરસ્કાર તેમને પર્યાવરણના રક્ષણ અને વિશ્વમાં ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા માટે એનાયત કરવામાં આવ્યો છે. પોતાની સેશેલ્સ મુલાકાત દરમિયાન વડાપ્રધાને દેશની સંસદને સંબોધન કર્યું હતું. તેમણે આ નાનકડા દેશમાં છેલ્લા ૫૦ વર્ષમાં આવેલા સકારાત્મક બદલાવોને બિરદાવ્યા હતા અને સાથે જ ભારત-સેશેલ્સ વચ્ચેના ૫૦ વર્ષ જૂના મજબૂત સંબંધોને પણ યાદ કર્યા હતા. પોતાની આ મુલાકાત દરમિયાન વડાપ્રધાને એક ખૂબ જ સુંદર અને સ્પષ્ટ સંદેશ આપ્યો હતો. તેમણે કહ્યું કે, ભારત એવા હિંદ મહાસાગરની કલ્પના કરે છે, જ્યાં દરિયાઈ સુરક્ષાની સાથે આર્થિક સમૃદ્ધિ પણ વધે. જ્યાં આપણી ભાગીદારી કદ પર નહીં, પરંતુ પરસ્પર સન્માન અને વિશ્વાસ પર આધારિત હોય. અને જ્યાં આપણે દરેક દેશ માત્ર આજુબાજુમાં નહીં, પણ સાથે-સાથે ચાલીએ. અમારું વિઝન હિંદ મહાસાગરને તકોનો મહાસાગર બનાવવાનું છે.

રવિવારે સેશેલ્સના રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિની દ્વારા વડાપ્રધાન મોદીને આ માનદ ઉપાધિથી સન્માનિત કરવામાં આવ્યા હતા. નોંધનીય છે કે, કોઈપણ વિદેશી રાષ્ટ્ર દ્વારા વડાપ્રધાન મોદીને આપવામાં આવેલું આ ૩૪મું આંતરરાષ્ટ્રીય સન્માન છે. શનિવારે આ દ્વીપસમૂહ દેશ સેશેલ્સ પહોંચેલા PM મોદી દેશના રાષ્ટ્રીય દિવસની સુવર્ણ જયંતી ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે ભાગ લઈ રહ્યા છે.





આ સન્માન બદલ સોશિયલ મીડિયા પર પોતાનો સંદેશ શેર કરતા ઙ્ખ મોદીએ લખ્યું કે, હું નમ્રતાપૂર્વક આ સન્માનનો સ્વીકાર કરું છું, અને તેને તે તમામ દેશોને સમર્પિત કરું છું, જેઓ આબોહવા પરિવર્તન (ક્લાઈમેટ ચેન્જ) ના પડકારનો સામનો કરી રહ્યા છે, અને પર્યાવરણ સંરક્ષણને આવનારી પેઢીઓ પ્રત્યેની પોતાની જવાબદારી માને છે. આ એક ગંભીર પડકાર છે, જેનો આપણે સાથે મળીને સામનો કરવો પડશે. ભારતની પ્રતિબદ્ધતા દર્શાવતા વડાપ્રધાને ઉમેર્યું હતું કે, ભારત પૃથ્વીને વધુ હરિયાળી અને ટકાઉ બનાવવા માટે તમામ શક્ય યોગદાન આપવા તૈયાર છે. આ આપણી વિવિધ સ્થાનિક નીતિઓ, પમિશન લાઈફથ પર આપવામાં આવી રહેલા વિશેષ ભાર અને આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન (ISA) તથા આપત્તિ-પ્રતિરોધક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ગઠબંધન જેવી વૈશ્વિક પહેલોમાં આપણી સક્રિય ભૂમિકાથી સ્પષ્ટ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ચાલુ મહિને જ વડાપ્રધાન મોદીને સ્લોવાકિયાની રાજધાની બ્રાતિસ્લાવામાં ત્યાંના સર્વોચ્ચ નાગરિક સન્માન પધ ઓર્ડર ઓફ ધ વ્હાઈટ ડબલ ક્રોસ (ફર્સ્ટ ક્લાસ)થ થી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ભારતમાં ઋતુચક્ર ખોરવાતા ૧૭ વર્ષનો રેકોર્ડ તૂટ્યો

**અલ નીનોનો કહેરઃ જૂનમાં સરેરાશથી ૪૨% ઓછો વરસાદ, જુલાઈ પણ સૂકો રહેવાની ભીતિ જળસંકટ ઘેરું બન્યુંઃ દેશના ૧૬૬ મુખ્ય ડેમોમાં માત્ર ૨૬% જ પાણી બચ્યું, ૨૦૦૯ જેવા દુષ્કાળનો ડર સરકાર એલર્ટઃ ખેડૂતોને ઓછું પાણી માંગતા પાક લેવા અપીલ, ખાદ્ય સુરક્ષા માટે બફર સ્ટોક પૂરતો : ગુજરાત સહિત દેશના ૩૧૫ જિલ્લા રેડઝોનમાં**

નવી દિલ્હી, તા.૨૮

ભારતમાં ચાલુ વર્ષે ઉનાળુ ચોમાસાની શરૂઆત છેલ્લા દોઢ દાયકામાં (૧૫ વર્ષમાં) સૌથી નબળી રહી છે. આ સ્થિતિએ દેશના કૃષિ ક્ષેત્ર અને વહીવટીતંત્રની ચિંતામાં મોટો વધારો કર્યો છે. જૂન મહિનામાં સમગ્ર દેશમાં સરેરાશ કરતાં ૪૨ ટકા ઓછો વરસાદ નોંધાયો છે, જેના કારણે દેશનો ૭૬ ટકા હિસ્સો હાલ વરસાદની ભારે અછતનો સામનો કરી રહ્યો છે.



હવામાન વિભાગના પૂર્વાનુમાન મુજબ, પ્રશાંત મહાસાગરમાં સક્રિય થયેલી પઅલ નીનોથની પ્રતિકૂળ અસરોને કારણે આગામી જુલાઈ મહિનો પણ સામાન્ય કરતાં વધુ સૂકો રહેવાની સંભાવના છે. જૂન મહિનામાં બંગાળની ખાડીમાં એક પણ લો-પ્રેશર સિસ્ટમ સક્રિય થઈ નથી, જે સામાન્ય રીતે મધ્ય અને ઉત્તર ભારતમાં વ્યાપક વરસાદ લાવવા માટે ટ્રિગરનું કામ કરે છે.

૨૦૦૯ જેવા દુષ્કાળનો ભય દેશમાં પીવાના પાણી અને સિંચાઈ માટે મોનિટર કરવામાં આવતા ૧૬૬ મુખ્ય જળાશયોમાં પાણીનું સ્તર ચિંતાજનક રીતે ઘટી ગયું છે. ૨૫ જૂનની સ્થિતિએ આ ડેમોમાં તેમની કુલ સંગ્રહ ક્ષમતાના માત્ર ૨૬ ટકા (આશરે ૪૮ અબજ ક્યુબિક મીટર) જ લાઈવ સ્ટોરેજ બચ્યું છે. પાણીની સપાટી ભયજનક રીતે ઘટી છે. જેમાં ઈન્દિરા સાગરઃ ૧૪ ટકા, નાગાર્જુન સાગરઃ ૫ ટકા અને તેહરી ડેમઃ માત્ર ૨ટકા ઘટી ગઈ હોવાના અંદાજીત આંકડા મળી રહ્યા છે.

હવામાન ભૌતિકશાસ્ત્રી અને પૂર્વ કેન્દ્રીય પૃથ્વી વિજ્ઞાન સચિવ માધવન રાજીવનના જણાવ્યા અનુસાર, ચાલુ ચોમાસાની આ સ્થિતિ વર્ષ ૨૦૦૯ ના ભયાનક દુષ્કાળ જેવા લક્ષણો દર્શાવી રહી છે. તે વર્ષે પણ જૂનમાં ૪૭ ટકા ઓછો વરસાદ પડ્યો હતો અને આખું ચોમાસું ૨૨ ટકા નીચું રહ્યું હતું.

ગુજરાત સહિત ૨૭ રાજ્યોમાં જાહેર કરાયેલા રેડ એલર્ટ અંતર્ગત ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ અને ઉત્તર પ્રદેશ સહિત દેશના ૨૭ રાજ્યો હાલમાં વરસાદની અછતનો સામનો કરી રહ્યા છે. કેન્દ્રીય કૃષિ મંત્રાલય અને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ (ICAR) દ્વારા દેશના ૩૧૫ જિલ્લાઓને અત્યંત સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે.

૩૧૫ જિલ્લાઓમાંથી ૧૧૧ એવા હાઈ-પ્રાયોરિટી જિલ્લાઓ છે, જ્યાં સિંચાઈ કવરેજ ૨૫ ટકાથી પણ ઓછું છે. સરકારે રાજ્ય સરકારોને અપીલ કરી છે કે તેઓ ખેડૂતોને ઓછું પાણી માંગતા અને ટૂંકા ગાળાના વૈવિધ્યસભર પાક ઉગાડવા માટે પ્રોત્સાહિત કરે અને પીવાના પાણીના પુરવઠાને પ્રાથમિકતા આપે. જો કે, સરકારે આશ્વાસન આપ્યું છે કે દેશમાં ઘઉં અને ચોખાના બફર સ્ટોક પૂરતા પ્રમાણમાં હોવાથી ખાદ્ય સુરક્ષા પર કોઈ તાત્કાલિક ખતરો નથી. કૃષિ વિજ્ઞાનીઓના મતે, ખેતીના વાવેતર માટે જુલાઈ અને ઓગસ્ટ મહિનાનો વરસાદ વધુ નિર્ણાયક હોય છે, તેથી ઉત્પાદન પર તેની ચોક્કસ અસર જુલાઈના અંતમાં જ સ્પષ્ટ થશે.

# આંગળી ચીંધતા પહેલા આતંકવાદ પર એક્શન લો

## કરાંચી બ્લાસ્ટ મુદ્દે પાકિસ્તાનના પાયાવિહોણા આક્ષેપો ગણાવતું ભારત

નવી દિલ્હી, તા.૨૮

નવી દિલ્હી, તા.૨૮ઃ પાકિસ્તાનના કરાંચી શહેરમાં પાકિસ્તાની સૈન્ય કેમ્પ પર થયેલા આતંકવાદી હુમલામાં ભારતનો હાથ હોવાનો પાકિસ્તાને આક્ષેપ કર્યો હતો. આ મામલે ભારતે આતંકને પોષનારા દેશ પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો છે. ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે પાકિસ્તાનના તમામ આક્ષેપોને પાયાવિહોણા ગણાવતા કહ્યું છે કે, આતંકવાદીઓને પાળનારો દેશ અમારા પર આંગળી ન ઉઠાવે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં સુણાવ્યું હતું કે, પાકિસ્તાને બીજા પર આક્ષેપ કરવાના બદલે પોતાના દેશમાં ચાલી રહેલા આતંકવાદી સંગઠનો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવી જોઈએ. આ ઉપરાંત પાકિસ્તાન સરકારે આતંકવાદને પોતાની સરકારી નીતિનો ભાગ બનાવવાની આદત પણ સત્વરે છોડી દેવી જોઈએ. ઉલ્લેખનીય છે કે, ગત ૨૭ જૂને કરાંચીનાં ગુલિસ્તાન-એ-જોહર વિસ્તારના બ્લોક-૬માં આવેલા પાકિસ્તાન રેન્જર્સના હેડક્વાર્ટર નજીક જોરદાર વિસ્ફોટો અને ભારે ગોળીબાર થયો હતો. પાકિસ્તાને આ હુમલા પાછળ જમાત-ઉલ-અહરાર સાથે સંકળાયેલા આતંકવાદીઓનો હાથ હોવાનો દાવો કરવાની સાથે આ સંગઠનની ભારત સાથે લિંક હોવાનો પાયાવિહોણો આક્ષેપ કર્યો હતો. સ્થાનિક મીડિયા રિપોર્ટ મુજબ, વિસ્તારમાં કુલ ત્રણ વિસ્ફોટ થયા હતા, જેમાંથી પહેલો વિસ્ફોટ અત્યંત શક્તિશાળી હતો. હુમલાખોરોએ હેડક્વાર્ટરના મુખ્ય ગેટ પાસે જોરદાર વિસ્ફોટ કરીને અંદર ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો, જોકે ત્યાં પાકિસ્તાની સેનાના જવાનોએ તેમને અટકાવી દીધા હતા.

આ આતંકી હુમલામાં પાકિસ્તાની સેનાના જવાનો અને હુમલાખોરો વચ્ચે થયેલી અથડામણમાં ત્રણ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે, જ્યારે એક ઈજાગ્રસ્ત આતંકવાદીને જીવતો પકડી લેવાયો છે. પ્રાથમિક વિગતો મુજબ પકડાયેલો આ આતંકવાદી અફઘાનિસ્તાનનો નાગરિક હોવાનું સામે આવ્યું છે. આ આખી ઘટનામાં પાકિસ્તાની સેનાના ત્રણ જવાનોના પણ મોત નિપજ્યા છે, જ્યારે અન્ય ૪ જવાનોને ઈજા પહોંચી છે.






શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## કોણ પુણ્ય કરી નાર હું અવતરી! એ રચનામાં નરસિંહ બ્રહ્મની વ્યાપકતાનું દર્શન કરાવે છે.



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ઉતારો આરતી શ્રી ક્રિષ્ન ઘરે આવ્યા! માતા યશોદા કુંવર કાન ઘરે આવ્યાં.. આવાં ભક્તિ સભર ભજનો ગાતાં ગાતાં પરમ પુરષોત્તમ માસની અગિયારસ ગઈ! ભલી ભોળી બહેનો ભક્તિમાં તલ્લીન થઈ ગઈ છે, અને આમપણ સાધક, સાધના, યોગ યોગી કે પછી જ્ઞાન, વૈરાગ્ય, જેવાં શબ્દો આપણાં ભોગીઓ માટે કેવળ એક શબ્દનાં અર્થની જાણકારી બની રહે છે! આજનાં આ યુગમાં એટલુ બધુ ઈશ્વર ઈચ્છતો પણ નથી! કાંતો ઈશ્વરને એવી ઉમ્મીદ હશે કે છેવટે આખી જીવનયાત્રામાં કંઈક તો સારું કરશે! એટલે મનુષ્ય જન્મ મળ્યો, અથવા તો આપણાં પૂર્વજો નાં કંઈક પુણ્ય હશે, એટલે મનુષ્ય જન્મ મળ્યો. આ પુણ્ય શબ્દ આવે એટલે સામે ત્રાજવું દેખાય, જેમાં એક બાજુ પુણ્ય અને એક બાજુ પાપ! શુદ્ધ હ્રદયે નથી એટલું ભજન થતું કે નથી સ્વાર્થ ને છોડી પરમાર્થ થતો! એટલે પાપ પુણ્યનાં લેખાંજોખાં થાય તો પુણ્યને નામે ખાસ કંઈ થતું નથી, એટલે સ્વાભાવિક પાપનું પલ્લું ભારે રહે. પણ છતાં થોડી ભાવ જાગૃતિ અને થોડી ભાવ શુદ્ધિથી પુણ્ય ન થાય તો કંઈ નહીં પાપ થતાં અટકી જશે! ભારતીય અધ્યાત્મમાં ભગવાન સુધી પહોંચવાં માટે ઘણાં માર્ગ છે! પરંતુ આપણી જેવાં સંસારીઓ માટે ભક્તિ એક એવું માધ્યમ છે, જેમાં ભક્ત દાસ થઈને પણ સ્વામી જેવું સુખ ભોગવે છે, અને નરસૈંયાના સ્વામી એ કાયમ એની આશા પૂરી છે. શૃંગારમાં જ્ઞાન, વૈરાગ્ય, અને ભક્તિની પરાકાષ્ઠા સુધીની યાત્રા કરનાર અને કરાવનાર નરસિંહ તો એક અવતાર પુરુષ હતાં, પરંતુ આપણી માટે એમની રચનાઓ આજે પણ પ્રેરણા આપતી રહે છે, તો આવા કંઈક ભાવનાં સંદર્ભ વાળી રચનાનું ચિંતન કરીએ.

**** નરસિંહ મહેતા****

****કોણ પુણ્યે કરી નાર હું અવતરી,**
**શ્રીહરિ દીન થઈ માન માગે;**
**અમર અવગતિ કહે, અકલ કો નવ લહે,**
**તે કમલાવર કંઠ લાગે.(૧)**

નરસિંહ પોતાની જાતને નારીને સ્થાને રાખી ધન્યતાં આપતાં કહે છે કે, કયા પુણ્ય કર્યા એ અક્કલ સ્વીકારી શકતી નથી, કમલાપતિ દીન થઈ મારું સાનિધ્ય ઝંખે છે, અને ગળે લગાવે છે, એટલે આલિંગન આપે છે.

****યજ્ઞ યાગે યજી યોગ ધ્યાને ધરી,**
**બહુ વ્રત આદરી દેહ કષ્ટે;**
**તોય તે શ્રીહરી, સ્વપને ન પેખીએ,**
**તે હરી નિરખીએ પ્રેમ દ્દષ્ટે.(૨)**

પરમ તત્વની પ્રતિતિ કે આત્મ સાક્ષાત્કાર માટે સાધક મોટા યજ્ઞ કરે, યોગી થઈ ધ્યાન ધરે, કે પછી દેહને કષ્ટ આપતાં વ્રતો કરે તોય શ્રીહરિ જેને સ્વપનમાં પણ દેખાય નહીં! એ હરિ અને હું અરસપરસ પ્રેમ દ્રષ્ટિથી નીરખીએ છીએ.

****શેષ સુખાસન શેજ સદા સહી,**
**ભુવન જસં વૈકુંઠ કાહાવે;**
**તે પેં અધિક જે મંદિર માહરૂં,**
**પ્રેમે પીતાંબર પલંગ આવે. (૩)**

જેને શેષનાગની શૈયા નું સુખ કે પછી વૈકુંઠ જેવું ભવન સિવાય ક્યાંય ગોઠતું નથી! એ હરિ મારાં મંદિરને એનાથી પણ વધુ મહત્વનું ગણી મારું સાનિધ્ય પામવા મારા પલંગ સુધી આવે છે.

****ભગતવત્સલતણું બિરદ પોતે વહે,**
**વેદ પુરાણ એમ શાસ્ત્ર વાણી;**
**નરસિંહાચો સ્વામી ભલેરે મળિયો,**
**કીધી કૃપા મુને દીન જાણી.(૪)**

વેદ પુરાણ અને શાસ્ત્રની વાણી સાચી ઠેરવવાં માટે, ભગવાન તો ભક્તવત્સલ છે, એવા બિરુદ ને પાળી બતાવ્યું. ભગવાને ભક્ત પર દિન જાણી કૃપા કરી, અને નરસૈંયાનો સ્વામી મુજને આવી મળીયો.

સ્થૂળ અર્થ જોઇએ તો એક સામાન્ય ભક્તિ કરતી નારી ની વાત કરે છે, પણ પોતાની જાતને અહીં મુકી છે, એટલે ગોકુળ વૃંદાવનની સૌથી શ્રેષ્ઠ ગોપી એટલે કે રાધિકાના મનોભાવ હ્રદયમાં ધરાવી ધન્યતા અનુભવે છે, પણ આધ્યાત્મિક અર્થમાં તો ભક્તિ ને જ નારી કહી છે, અને કહે છે કે કેટલાં પુણ્ય કરીને હું જન્મી છું કે મને મળવાં સ્વયં શ્રીહરિ દીન હોય એમ વિનવે છે! મારી તો અક્કલ જ બહેર મારી ગઈ છે. પણ અહીં ભગવાન માટે કમલાવર એવું ઉપનામ શું કામ મુક્યું? શ્રીકૃષ્ણ વિષ્ણુ અવતાર છે! એ તો બરોબર પણ, કમલાવર એટલે લક્ષ્મીપતિ પણ કહી શક્યાં હોત! કમળ ને અસંગ નું પ્રતિક માનવામાં આવે છે. એટલે ભગવાન તો કમળ જેમ આ બધાંથી અસંગ છે છતાં, ભક્તિનો ભાવ ભીંજવી ગયો, મારી પ્રેમ લક્ષણા ભક્તિથી પ્રસન્ન થઈ મને ગળે વળગાડે છે. શ્રીહરિ શબ્દ પ્રયોગ કરીને કહે છે કે, ભક્તોનાં દુઃખ હરી લેનારા છે, પછી યજ્ઞ કરનારાં,યોગીઓ, કે વ્રતી માટે દેહને કસવા ની શી જરૂર છે, અને દેહ કષ્ટી કરવાં છતાં જેને ઝાંખી પણ નથી થતી, અને અહીં તો હું સાક્ષાતને પ્રેમે નીરખુ છું. શેષની શૈયા નો ઉલ્લેખ કરીને મૂળમાં તો નરસિંહ કહેવાં માંગે છે, કે મને જે આત્મ સાક્ષાત્કાર થયો છે, એ સ્વયં વિષ્ણુ જ છે. કેમકે જે શેષની શૈયા વગર સૂતા નથી, અને વૈકુંઠ સિવાય રહેતાં નથી! એ મારા દેહ દેવળને એનાથી પણ વધુ પવિત્ર ગણી ત્યાં નિવાસ કરે છે. પલંગે આવે એમ કહીને બહું મોટી વાત કરી કે કામ અકામની મારી પ્રત્યેક ક્રીડામાં એની હાજરી છે, માટે કામ કે કામના પણ સતાવતી નથી.આ ઉપરાંત પલંગને વિશ્રામનું પ્રતિક માનવામાં આવે છે, તો એ રીતે મને પરમ વિશ્રામ પ્રાપ્ત થયો. છેલ્લી પંક્તિમાં કહે છે કે, રાધાને મળવા જે શ્રીકૃષ્ણ આવે છે, એ જ વેદ પુરાણ અને શાસ્ત્રની વાણી જેને ગાય છે, એ બ્રહ્મનું વ્યાપક સ્વરૂપ છે! અને એ ભક્ત વત્સલનું બિરુદ ધરાવતું બીજું કોઈ નથી નરસિંહનો સ્વામી છે, અને એણે મને દીન જાણી કૃપા કરી મને દર્શન આપ્યાં. આ રચનાનો મુખ્ય બોધ તો એ છે કે, સાકાર થી નિરાકાર, અને નિરાકાર થી બ્રહ્મની વ્યાપકતા નું દર્શન જ, આપણને મનુષ્ય માંથી માનવી બનાવી શકે છે! એટલે કે જડ ચેતન એક એકમાં ઈશ્વરનું દર્શન કરાવે, અને શક્ય છે નરસિંહને આવું દર્શન થયું હશે! જેમ જશોદા ને કાનુડાનાં મુખમાં ચૌદ બ્રહ્માંડનાં દર્શન થયાં. નરસિંહને મહારાસ ની લીલાનું દર્શન તો થયું જ હતું! અને એમાં મશાલ વાળો હાથ સળગ્યાનું પ્રમાણ પણ છે. પણ એ સમયમાં જ્યાં જવાં પર પ્રતિબંધ હતો, એવાં અછૂત વાસમાં ભજન કીર્તન કરવાં જવું એ શું બતાવે છે! એ બ્રહ્મની વ્યાપકતાનું દર્શન થયું હોય તો જ શક્ય બને. સંસારીઓ માટે બીજી રીતે ઈશ્વર સાક્ષાત્કાર કરવો એ બહુ અઘરું છે! એટલે ભક્તિ એક એવું માધ્યમ છે કે, જેમાં આપણી દૈનિક ક્રિયાઓનાં સાક્ષી સ્વયં ઈશ્વરને બનાવી જીવવાનું હોય છે! અને આ રીતે જ ધીરેધીરે ભાવ શુદ્ધિ થશે અને આ રીતે જ સામેવાળા માં આપણી અંદર જે ઈશ્વર અંશ છે એ જ છે! એવું પ્રતિત કરાવી શકે. આપણે સૌ બ્રહ્મની વ્યાપકતાનું દર્શન કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારાં શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

રાજકોટ શહેર એસઓજીની કાર્યવાહીઃ એરપોર્ટ પોલીસ સ્ટેશન ચેકપોસ્ટ પાસે કાર્યવાહી

# મેફેડ્રોન ડ્રગ્સ સાથે ૪ છાપેલ કાટલા ઝડપાયા

## સ્વિફ્ટ કાર, ૪ મોબાઈલ અને એમ.ડી. ડ્રગ્સ સહિત કુલ ૫.૭૨ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત; પકડાયેલા આરોપીઓ ધરાવે છે ગુનાહિત ઈતિહાસ

રાજકોટ,તા.૨૮

શહેરમાં યુવાધનને નશાના રવાડે ચડતું અટકાવવા અને નાર્કોટીક્સ પદાર્થોના વેચાણ તેમજ હેરાફેરી ઉપર રોક લગાવવા માટે પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીક, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઈમ) જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઈમ) બી.બી. બસીયા દ્વારા કડક સૂચનાઓ આપવામાં આવી હતી. આ સૂચનાઓ અન્વયે શરૂ કરાયેલા નસ્ત્રજઅઢ ગઘ ઝઘ ઉછબ્રત્રક્ષજસ્ત્રસ્ત્ર મિશન અંતર્ગત રાજકોટ શહેર સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપના પોલીસ ઈન્સ્પેક્ટર એન. બી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઈન્સ. એમ.વી.જાડેજા, પો.હેડ કોન્સ. હરદેવસિંહ દીલુભા, યોગરાજસિંહ છનુભા અને પો.કોન્સ. અનોપસિંહ પ્રવીણસિંહની સંયુક્ત બાતમીના આધારે એક સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. પોલીસ ટીમે રાજકોટ-અમદાવાદ



હાઈવે ઉપર નવાગામ બામણબોર ગામમાં જવાના જુના રસ્તા પાસે આવેલી એરપોર્ટ પોલીસ સ્ટેશનની ચેકપોસ્ટ સામે વોચ ગોઠવીને માદક પદાર્થ મેફેડ્રોનના જથ્થા સાથે ૪ ઈસમોને ઝડપી લીધા હતા અને એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસના સકંજામાં આવેલા ચારેય આરોપીઓ રાજકોટના જ રહેવાસી છે, જેમાં મનહરપુર-૧, ૧૫૦ ફુટ રીંગ રોડ, અયોધ્યા ચોક, માધાપર ચોકડી પાસે રહેતો વિનય રાજભાઈ ઉકેડીયા (ઉં.વ.-૨૭, ધંધોઃ મજુરી); રૈયાધાર સ્લમ ક્વાર્ટર નંબર-૫૦૬ માં રહેતો હિતેશ ઉર્ફે હિતો સુનીલભાઈ ધામેલીયા (ઉં.વ.-૨૫, ધંધોઃ મજુરી); રૈયાધાર દશામાના મંદિર પાસે રહેતો ભવદિપ ઉર્ફે હાંડો પરેશભાઈ ડાભી (ઉં.વ.-૨૪, ધંધોઃ મજુરી); અને મનહરપુર-૧, માધાપર ચોકડી પાસે અયોધ્યા ચોકમાં મનસુખભાઈ કુંભારના મકાનમાં ભાડેથી રહેતો વિશાલ રાજભાઈ ગોહિલ (ઉં.વ.-૨૧, ધંધોઃ ડ્રાઈવીંગ) શામેલ છે. પોલીસે આ આરોપીઓ પાસેથી ૧૭.૫૨૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ કિંમત ૫૨,૪૫૦ ૨૦,૦૦૦ની કિંમતના ૪ ટચ સ્ક્રીન મોબાઈલ ફોન, ૫,૦૦,૦૦૦ની કિંમતની એક સ્વિફ્ટ કાર નંબરઃ ઋક્ષ઼-૦૩-ગઊં-૫૭૯૫ તેમજ ઈન્સ્યોરન્સ પોલીસીની નકલ અને આર.સી.બુક સહિત કુલ ૫,૭૨,૪૫૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ પકડાયેલા માદક પદાર્થનું પ્રાથમિક પરીક્ષણ એફ.એસ.એલ. અધિકારી સમીર જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.

પોલીસ રેકોર્ડની તપાસ દરમિયાન પકડાયેલા ચારેય આરોપીઓનો મોટો ગુનાહિત ઈતિહાસ સામે આવ્યો છે. આરોપી વિનય રાજભાઈ ઉકેડીયા સામે અગાઉ પ્રદ્યુમન નગર, ગાંધીગ્રામ, યુનિવર્સિટી, લોધીકા અને કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં મર્ડર (કલમ ૩૦૨), પ્રોહીબીશન અને મારામારી સહિત કુલ ૧૦ ગુનાઓ નોંધાયેલા છે. હિતેશ ઉર્ફે હિતો ધામેલીયા સામે યુનિવર્સિટી, ડી.સી.બી. અને કુવાડવા રોડ પોલીસ મથકમાં આર્મ્સ એક્ટ, એન.ડી.પી.એસ. એક્ટ અને બી.એન.એસ. હેઠળ કુલ ૬ ગુનાઓ દાખલ છે. જ્યારે ભવદિપ ઉર્ફે હાંડો ડાભી સામે ભક્તિનગર, યુનિવર્સિટી અને ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન અને મારામારી સહિત રેકોર્ડ પર કુલ ૧૮ ગુનાઓ નોંધાયેલા છે. આ ઉપરાંત, વિશાલ રાજભાઈ ગોહિલ સામે બી.ડીવીઝન, યુનિવર્સિટી અને ગાંધીગ્રામ પોલીસ મથકમાં મારામારી અને પ્રોહીબીશનના ૩ ગુનાઓ અગાઉ નોંધાઈ ચૂક્યા છે.


આ સમગ્ર કામગીરી એસ.ઓ.જી. શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર એન.બી.ચૌધરી તથા પો.સબ.ઈન્સ. એમ.વી.જાડેજાની આગેવાનીમાં એ.એએસ.આઈ. અરૂણભાઈ લક્ષ્મણભાઈ, પો.હેડ કોન્સ. હરદેવસિંહ દીલુભા, યોગરાજસિંહ છનુભા, મહાવીરસિંહ દશરથસિંહ, અમરદીપસિંહ ધર્મેન્દ્રસિંહ, તેમજ પો.કોન્સ. અનોપસિંહ પ્રવીણસિંહ, ધ્રુવરાજસિંહ જગદીશસિંહ, વિરભદ્રસિંહ ભાવુભા, અજયસિંહ ગાંડાજી, હરદેવસિંહ વનરાજસિંહ તથા ડ્રાઈવર પો.કોન્સ. નરપતસિંહ નરવરસિંહ અને નિર્મળસિંહ જયેન્દ્રસિંહ દ્વારા સંયુક્ત રીતે પાર પાડવામાં આવી હતી.

પાસપોર્ટ રિન્યુઅલ કરવામાં આવ્યું નથી : વિપક્ષોએ કેન્દ્ર પર પ્રહાર કર્યા

# ધ ટેલિગ્રાફના ભૂતપૂર્વ સંપાદકનું નામ SIRમાં બાકાત !

નવી દિલ્હી, તા.૨૮

ધ ટેલિગ્રાફના ભૂતપૂર્વ સંપાદક આર. રાજગોપાલે કહ્યું હતું કે ખાસ સઘન સુધારણા (SIR) દરમિયાન પશ્ચિમ બંગાળની મતદાર યાદીમાંથી તેમનું નામ કાઢી નાખવામાં આવ્યા બાદ તેમના પાસપોર્ટ રિન્યુઅલ અટકી ગયા હતા. કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ (TMC) અને CPI(M) એ રવિવારે આ મુદ્દે કેન્દ્રની ટીકા કરી હતી. વિપક્ષી નેતાઓએ જણાવ્યું હતું કે રાજગોપાલનો અનુભવ નાગરિકોના અધિકારો પર પ્રતિબંધને દર્શાવે છે.




રાજગોપાલે જણાવ્યું હતું કે તેમને નાગરિક અનિશ્ચિતતાની સ્થિતિમાં છોડી દેવામાં આવ્યા હતા, મતદાર યાદીમાંથી તેમની બાદબાકી સાથે પ્રતિકૂળ પોલીસ ચકાસણી અહેવાલ પછી તેમના પાસપોર્ટના નવીકરણમાં વિલંબ થયા પછી દાયકાઓ જૂના કુટુંબના રેકોર્ડનું પુનર્નિર્માણ કરવામાં તેમનો મોટાભાગનો સમય વિતાવ્યો હતો. પશ્ચિમ બંગાળના લગભગ ૨૭ લાખ અન્ય રહેવાસીઓની જેમ, મને પણ પતાર્કિક વિસંગતતાઓથ તરીકે વર્ણવવામાં આવેલા કારણોસર બાકાત રાખવામાં આવ્યો હતો. મેં મારું મેટ્રિકનું પ્રમાણપત્ર સબમિટ કર્યા પછી પણ કોઈ કારણ આપવામાં આવ્યું ન હતું, અને મારી અપીલ હવે સુપ્રીમ કોર્ટના નિર્દેશો અનુસાર રચાયેલા ટ્રિબ્યુનલમાંથી એક સમક્ષ પેન્ડિંગ છે.

મારી પાસપોર્ટ રિન્યુઅલ અરજીનો અનુભવ વધુ દુઃખદ છે. મેં ૧૯ માર્ચ, ૨૦૨૬ ના રોજ બાયોમેટ્રિક ઔપચારિકતાઓ પૂર્ણ કરી હોવા છતાં, પોલીસ ચકાસણીને મંજૂરી આપવામાં આવી નથી કારણ કે મારું નામ હવે મતદાર યાદીમાં નથી. રાજગોપાલે કહ્યું કે તેમનો હેતુ પોતાને પીડિત તરીકે દર્શાવવાનો ન હતો પરંતુ સામાન્ય નાગરિકોની મુશ્કેલીઓ તરફ ધ્યાન દોરવાનો હતો. જો કોઈ વ્યક્તિ જેણે પોતાનું વ્યાવસાયિક જીવન પત્રકારત્વમાં વિતાવ્યું અને પ્રમાણમાં જાણીતા અખબારનું સંપાદન કર્યું, તો તે આવી મુશ્કેલીઓનો સામનો કરી શકે છે, તો કોઈ કલ્પના કરી શકે છે કે ખરેખર હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોએ શું સહન કરવું પડશે.

તેમની આ ટિપ્પણી પછી તીવ્ર રાજકીય પ્રતિક્રિયાઓ આવી રહી છે અને વિપક્ષી નેતાઓએ તેમના કેસને વિધાનસભા ચૂંટણી પહેલા પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પંચના વિવાદાસ્પદ SIR કવાયતને જવાબદાર ગણાવી છે. કોંગ્રેસના રાજ્યસભા સાંસદ વિવેક તંખાએ કહ્યું કે આ ઘટના દેશની અતાર્કિકતાના સ્તરને પ્રતિબિંબિત કરે છે. શું આપણે આપણા સ્થાપકો દ્વારા આટલી ખંતપૂર્વક રચાયેલ કાયદાના શાસન દ્વારા સંચાલિત રાષ્ટ્રનું લેબલ દૂર કરવા માટે કટિબદ્ધ છીએ! કેટલી દયાની વાત છે!!.

TMC રાજ્યસભા સાંસદ સાગરિકા ઘોષે રાજગોપાલના નિવેદનને આઘાતજનક અને હૃદયદ્રાવક ગણાવ્યું છે. જો ધ ટેલિગ્રાફના ભૂતપૂર્વ સંપાદક આર રાજગોપાલ સાથે આવું થઈ શકે છે, તો કલ્પના કરો કે ઘણા ઓછા સંસાધનો ધરાવતા નાગરિકો શું સહન કરી રહ્યા છે.


# ભારત-સેશેલ્સ વચ્ચેના સંબંધો વધુ મજબૂત બન્યા : મોદી

## UPI - MoU અને કનેક્ટિવિટી પુશની જાહેરાત કરતા વડાપ્રધાન

નવી દિલ્હી, તા.૨૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે સેશેલ્સના રાષ્ટ્રપતિનો ઉષ્માભર્યા સ્વાગત માટે આભાર માન્યો અને નસ્ત્રગાર્ડિયન ઓફ ધ બ્લુ હોરાઇઝનનસ્ત્ર એવોર્ડ એનાયત કરવા બદલ આભાર વ્યક્ત કર્યો છે. સભાને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું, નસ્ત્રભારત અને સેશેલ્સ એકબીજા સાથે મળીને કામ કરશે. તેમણે યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (ઞઙઈ) પર સમજૂતી કરાર પર હસ્તાક્ષરનું પણ સ્વાગત કર્યું અને કહ્યું કે, નસ્ત્રમને ખુશી છે કે ઞઙઈ માટે ભારત અને સેશેલ્સ વચ્ચે એક ખજ્ઞઞ પર હસ્તાક્ષર થયા છે.સ્ત્રસ્ત્ર

દ્વિપક્ષીય વાટાઘાટોના પરિણામો પર મોદીએ કહ્યું કે, આજે, અમે અમારા આર્થિક સહયોગને વધુ સ્થિતિસ્થાપક અને ભવિષ્ય માટે તૈયાર બનાવવા અંગે ચર્ચા કરી છે. અમે અમારા બંને દેશોના ઉદ્યોગો માટે નવી તકો શોધવાનું ચાલુ રાખીશું. ભારત અને સેશેલ્સ વચ્ચે જોડાણ વધારવા માટે પણ કામ કરવામાં આવશે.




પોતાની આ મુલાકાતને ઐતિહાસિક ગણાવતા, મોદીએ કહ્યું કે આ બે મુખ્ય સીમાચિહ્નો સાથે સુસંગત છે - સેશેલ્સ સ્વતંત્રતાના ૫૦ વર્ષ પૂર્ણ કરી રહ્યું છે અને બંને દેશો રાજદ્વારી સંબંધોના પાંચ દાયકાની ઉજવણી કરી રહ્યા છે. હું એક ઐતિહાસિક ક્ષણે સેશેલ્સની મુલાકાત લઈ રહ્યો છું, કારણ કે દેશ સ્વતંત્રતાના ૫૦ વર્ષ ઉજવી રહ્યો છે અને અમે ભારત અને સેશેલ્સ વચ્ચે રાજદ્વારી સંબંધોના ૫૦ વર્ષની ઉજવણી કરી રહ્યા છીએ. આ પાંચ દાયકામાં, અમે મિત્રતાને વિશ્વાસમાં, વિશ્વાસને સહયોગમાં અને સહકારને લોકોના કલ્યાણમાં પરિવર્તિત કર્યો છે.

વડાપ્રધાનએ બંને દેશો વચ્ચે ડિજિટલ સહયોગના મહત્વ પર કહ્યું કે ટેકનોલોજી દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવામાં મદદ કરી શકે છે. અમારું માનવું છે કે ડિજિટલ ટેકનોલોજી બંને દેશો વચ્ચેનું અંતર ઘટાડવા માટે એક અસરકારક માધ્યમ છે. અમે સેશેલ્સ સાથે ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં ભારતના સફળ અનુભવને શેર કરીશું. અને મને ખુશી છે કે આજે સેશેલ્સમાં ઞઙઈ લાગુ કરવા માટે એક ખઘઞ પર હસ્તાક્ષર થઈ રહ્યા છે. વડાપ્રધાનએ એમ પણ કહ્યું કે ભારત સેશેલ્સના સુરક્ષા દળોને તાલીમ આપવામાં મદદ કરશે.

# AG ચોક પાસે કૂવામાં ખાબકેલા આધેડનું રેસ્ક્યૂ : મોત

## કાલાવડ રોડ પર હનુમાનજી મંદિર સામેની ઘટનાઃ પોલીસે AD નોંધી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલમાં ખસેડ્યો









રાજકોટ, તા.૨૮

રાજકોટના કાલાવડ રોડ પર એજી ચોક પાસે આવેલા ચમત્કારી હનુમાનજી મંદિર સામેના કૂવામાં ગબડેલા આધેડને બચાવવા ફાયર બ્રિગેડની લાખ કોશિશ છતાં તેમનું મૃત્યુ થયું હતું. ભક્તિનગર સ્ટેશન પ્લોટ વિસ્તારના રહેવાસી ૪૬ વર્ષીય વિનોદભાઈ પરમાર અચાનક એક ઊંડા કૂવામાં ખાબક્યા હતા. નાનામૌવા કંટ્રોલ રૂમથી મેસેજ મળતા જ કાલાવાડ રોડ ફાયર સ્ટેશનની ટીમ રેસ્ક્યૂ ટેન્ડર સાથે ગણતરીની મિનિટોમાં જ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. કૂવાની અંદર લોખંડની પાઈપો તેમજ જાળીઓનું જટિલ માળખું હોવા છતાં, જાંબાઝ ફાયર જવાનોએ જીવના જોખમે દિલધડક ઓપરેશન પાર પાડ્યું હતું. જોકે, કમનસીબે આધેડનો જીવ બચાવી શકાયો ન હતો. અંતે ફાયર સ્ટાફે મૃતદેહનો કબજો પોલીસને સોંપી દેતા પોલીસે મોતનું સાચું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મહાપાલિકાના નાનામૌવા કંટ્રોલ રૂમને જાણકારી મળી હતી કે શહેરના સૌથી વ્યસ્ત ગણાતા કાલાવડ રોડ પર આવેલા એજી ચોક પાસે, ચમત્કારી હનુમાનજી દાદાના મંદિરની બિલકુલ સામેના ઊંડા પાણી ભરેલા કૂવામાં એક અજાણ્યો માણસ અચાનક ખાબક્યો છે. પવિત્ર મંદિરની સામે બનેલી ઘટનાને પગલે સ્થાનિક લોકોનાં ટોળેટોળા કૂવાની આસપાસ જમા થઈ ગયા હતા. ઘટનાની ગંભીરતા અને તાકીદને સમજીને કંટ્રોલ રૂમ દ્વારા પળનો પણ વિલંબ કર્યા વિના કાલાવડ રોડ ફાયર સ્ટેશનને તાત્કાલિક બચાવ કામગીરી માટે મેસેજ પાસ કરવામાં આવ્યો હતો.

મેસેજ મળતાની સાથે જ આધુનિક ઈક્વિપમેન્ટ્સથી સજ્જ રેસ્ક્યૂ ટેન્ડર વાહન સાથે ફાયર ટીમ સ્થળ પર પહોંચી હતી. કૂવાની ભૌગોલિક સ્થિતિ ખૂબ જ જોખમી હતી. કૂવો ઘણો ઊંડો હોવાની સાથે અંદર પાણી ભરેલું હતું અને ઉપર લોખંડના એન્ગલો તેમજ જાળીઓનું જટિલ માળખું આવેલું હતું. આવી કપરી પરિસ્થિતિમાં પણ જવાનો જીવના જોખમે દોરડા અને લાઈફ સેવિંગ રીંગ (લાઈફ બોય) લઈને કૂવાની અંદર ઉતર્યા હતા. ગંદા અને ઊંડા પાણીમાં તરીને જવાનોએ લોખંડની પાઈપો વચ્ચે ફસાયેલા આધેડના શરીરને સેફ્ટી બેલ્ટ અને જાડા દોરડા વડે સુરક્ષિત રીતે બાંધ્યા હતા. ભીંતો સાથે અથડાયા વગર ભારે સુઝબુઝથી તેમને ખેંચીને ઉપર લાવવામાં આવ્યા હતા. જો કે, કૂવામાં લાંબો સમય પાણીમાં રહેવાને કારણે અને ગંભીર ઈજાઓ થવાને લીધે બહાર કાઢતી વખતે જ માલૂમ પડ્યું હતું કે આધેડનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું.

કૂવામાંથી આધેડનો મૃતદેહ બહાર કાઢ્યા બાદ ઓળખવિધિ હાથ ધરવામાં આવી હતી. જેમાં મૃતકની ઓળખ ૪૬ વર્ષીય પરમાર વિનોદભાઈ ગણેશભાઈ તરીકે થઈ હતી, જેઓ ગોંડલ રોડ પર આવેલા ૪-ભક્તિનગર સ્ટેશન પ્લોટના રહેવાસી હતા. તેઓ કયા સંજોગોમાં આ ઊંડા કૂવામાં ખાબક્યા, અકસ્માતે પગ લપસ્યો કે અન્ય કોઈ કારણ છે, તે દિશામાં રહસ્ય હજુ અકબંધ છે. પોલીસ કંટ્રોલને જાણ કરાતા પોલીસ કાફલો સ્થળ પર આવી પહોંચ્યો હતો. પોલીસે પંચનામું કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડી અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ફાયર જવાનોની કામગીરીને બિરદાવાઈ

આ જોખમી અને દિલધડક રેસ્ક્યુ ઓપરેશનને સફળતાપૂર્વક પાર પાડવા માટે કાલાવાડ રોડ ફાયર સ્ટેશનની આખી ટીમે પ્રશંસનીય અને નીડર કામગીરી બજાવી હતી. આ ટીમમાં લીડીંગ ફાયરમેન વનરાજસિંહ પરમાર, ફાયરમેન કમ ડ્રાઈવર દિલીપસિંહ જાડેજા, તેમજ નવજીતસિંહ જાડેજા, નિલેશભાઈ વડેખણીયા, દિવ્યરાજસિંહ ચુડાસમા, નરેશભાઈ સુચર, હિમાંશુ પટેલ, રાજેશભાઈ મોર્યા અને રાહુલભાઈ ચૌહાણનો સમાવેશ થાય છે. જીવ સટોસટની બાજી લગાવનાર આ જાંબાઝ જવાનોની ત્વરિત બચાવ કામગીરીને અકસ્માત સ્થળે એકઠા થયેલા સેંકડો નાગરિકોએ પણ બિરદાવી હતી.

### રામાપીરની જગ્યાના સેવક હોવાની ઓળખ આપી છેતરપિંડી આચરી

# ધાર્મિક વિધિના બહાને દંપતી સાથે ઠગાઈ

## પોલીસે રૂ. ૭૫,૦૦૦ની મત્તા સાથે બે લેભાગુને પકડી પૂછપરછ શરૂ કરી : તમારા દીકરાના લગ્ન થયા ત્યારે કોઈએ તમારા પરિવાર ઉપર મેલું કરી નાખેલ છે કહી ડરાવ્યા

રાજકોટ,તા.૨૮

ભોળા અને ધાર્મિક પ્રકૃતિના લોકોની આસ્થાનો ગેરલાભ ઉઠાવી ઠગાઈ આચરતી એક રીઢા ગુનેગારોની ટોળકીને અમરેલીની લાઠી પોલીસે ગણતરીના દિવસોમાં જ જેલના સળિયા પાછળ ધકેલી દીધી છે. લાઠી તાલુકાના ભુરખીયા ગામે રામાપીરની જગ્યાના સેવક હોવાની ખોટી ઓળખ આપી, એક દંપતીને અંધશ્રદ્ધાની જાળમાં ફસાવી, વિધિ કરવાના બહાને રોકડ અને સોનાની વીંટી પડાવી ફરાર થઈ ગયેલા જસદણના બે ગઠિયાઓને પોલીસે ટેકનિકલ સોર્સના આધારે દબોચી લીધા છે. પોલીસે આરોપીઓ પાસેથી ગુનામાં વપરાયેલ બાઈક અને સોનાના દાગીના સહિત કુલ રૂ. ૭૫,૦૦૦નો મુદ્દામાલ રિકવર કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વિગતો જોઈએ તો અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ભુરખીયા ગામે ધાર્મિક વિધિ કરવાના બહાને એક ભોળા પરિવારને વિશ્વાસમાં લઈ રોકડ રકમ અને સોનાની વીંટી પડાવીને ફરાર થઈ ગયેલા બે શખ્સોને લાઠી પોલીસે ગણતરીના દિવસોમાં જ ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. પકડાયેલા બંને ગઠિયાઓ પાસેથી પોલીસે ગુનામાં વપરાયેલ બાઈક સહિત કુલ રૂ. ૭૫,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની વિગત એવી છે કે, ગત તારીખ ૨૨ના રોજ મોટર સાયકલ લઈને આવેલા બે અજાણ્યા શખ્સો ભુરખીયા ગામે એક રહેણાંક મકાન પાસે પહોંચ્યા હતા. એ સમયે ઘરના ડેલા પાસે એક વ્યક્તિ પોતાના મિની ટ્રેક્ટર સાથે પત્ની સાથે ઉભો હતો. આ બંને શખ્સોએ દંપતી પાસે જઈને પોતે સરધાર રામાપીરની જગ્યાએથી આવ્યા હોવાનું જણાવ્યું હતું અને પાડરશીંગા ગામે રામાપીરની જગ્યાએ જવાનો રસ્તો પૂછ્યો હતો.



રસ્તો પૂછવાના બહાને વાતચીત વધારી બંને શખ્સોએ દંપતી પાસે પીવાનું પાણી માંગ્યું હતું. પાણી પીધા બાદ ગઠિયાઓએ દંપતીને ડરાવતા કહ્યું કે, 'તમારા દીકરાના લગ્ન થયા ત્યારે કોઈએ તમારા પરિવાર ઉપર મેલું તાંત્રિક વિધિ કરી નાખેલ છે. જેના કારણે તમારો ધંધો બરાબર સેટ થતો નથી અને જો આમાંથી બહાર નીકળવું હોય તો તમારે એક ધાર્મિક વિધિ કરવી પડશે.'

પરિવાર પર આવેલી કથિત મુસીબતથી ગભરાઈ ગયેલા દંપતીએ વિધિ કરવાની હા પાડી દીધી હતી. વિધિ શરૂ કરવાના બહાને આ ગઠિયાઓએ દંપતી પાસેથી રૂ. ૨૦,૦૦૦ની રોકડ અને હાથમાં પહેરેલી સોનાની એક વીંટી પડાવી લીધી હતી અને નજર ચૂકવીને ત્યાંથી બાઈક પર ફરાર થઈ ગયા હતા. છેતરાયા હોવાની વિગત સમજાતા જ ભોગ બનનાર પરિવારે તાત્કાલિક લાઠી પોલીસ સ્ટેશનમાં આ અંગે વિધિવત ફરિયાદ નોંધાવી હતી.

ધાર્મિક લાગણીનો દુરુપયોગ કરીને આચરવામાં આવેલી આ છેતરપિંડીની ઘટનાને ગંભીરતાથી લઈને લાઠી પોલીસે ટેકનિકલ સોર્સ તેમજ હ્યુમન ઇન્ટેલિજન્સ (બાતમીદારો)ના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. જેમાં સફળતા મેળવીને પોલીસે દીપકનાથ નારણનાથ ધાંધુ અને રોહિતનાથ ભગવાનનાથ ધાંધુ (બંને રહે. જસદણ) નામના બે શખ્સોની અટકાયત કરી લીધી હતી.

પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી ગુનામાં ગયેલો અને વપરાયેલો તમામ મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેમાં: રોકડ રકમ રૂ. ૨૦,૦૦૦ રોકડ, સોનાના દાગીના ૨.૪૧ ગ્રામ વજનની સોનાની વીંટી (કિંમત આશરે રૂ. ૩૦,૦૦૦ અને ગુના આચરવામાં ઉપયોગમાં લેવાયેલું મોટર સાયકલ કિંમત આશરે રૂ. ૨૫,૦૦૦નું કબ્જે કર્યું છે.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે પકડાયેલા બંને આરોપીઓ રીઢા ગુનેગાર છે અને અલગ-અલગ જિલ્લાઓમાં સક્રિય છે. આ બંને શખ્સો વિરૂદ્ધ અગાઉ મોરબી જિલ્લાના હળવદ, રાજકોટ શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશન અને પડધરી પોલીસ સ્ટેશનમાં પણ જુદા જુદા ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. લાઠી પોલીસે હાલ બંને આરોપીઓની સઘન પૂછપરછ શરૂ કરી છે જેથી અન્ય ગુનાઓ પણ ઉકેલાઈ શકે છે.

### ભક્તિનગર સ્ટેશન પરથી આધાર-પુરાવા વિના....

# કરોડોના સોના-ચાંદી, ૧૪.૫૦ લાખ રોકડ સાથે વૃદ્ધ ઝડપાયો

## રસિકલાલ જગડા પાસેથી ૨૫૦ ગ્રામ સોનું અને ૪ કિલો ચાંદીનો મોટો જથ્થો મળ્યો : પીઆઈ એચ.એમ. રાણા સહિતનો કાફલો તપાસમાં જોડાયોઃ ઇન્કમટેક્સ વિભાગને જાણ કરવાની તજવીજ







રાજકોટ, તા.૨૮

રાજકોટ રેલવે પોલીસને એક મોટી સફળતા હાથ લાગી છે. શહેરનાં ભક્તિનગર રેલવે સ્ટેશન ઉપરથી રેલવે પોલીસે શંકાસ્પદ હિલચાલ કરતા ૬૫ વર્ષીય વૃદ્ધ રસિકલાલ જગડાની અટકાયત કરી છે. પોલીસની સઘન તપાસમાં તેમની પાસેથી ૨૫૦ ગ્રામ સોનું, ૪ કિલો ચાંદી અને રૂ. ૧૪.૫૦ લાખની રોકડ રકમ મળી આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. આ કિંમતી મુદ્દામાલ અને મોટી રોકડ રકમ અંગે વૃદ્ધ કોઈ કાયદેસરના બિલ કે સંતોષકારક આધાર-પુરાવા રજૂ ન કરી શકતા પોલીસે તમામ મુદ્દામાલ સીલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને રેલવે પોલીસના ઉચ્ચ અધિકારીઓએ આ મામલે સઘન પૂછપરછ અને ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી દીધી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ભક્તિનગર રેલવે સ્ટેશન પર રેલવે પોલીસની ટીમ રૂટીન પેટ્રોલિંગ અને શંકાસ્પદ મુસાફરોનું ચેકિંગ કરી રહી હતી. આ સઘન ચેકિંગ દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલા એક વૃદ્ધની ગતિવિધિ પોલીસને શંકાસ્પદ જણાઈ હતી, જેથી પોલીસે તેમને અટકાવીને પ્રાથમિક પૂછપરછ હાથ ધરતા તે ૬૫ વર્ષીય વૃદ્ધ રસિકલાલ જગડા હોવાનું બહાર આવ્યું હતું. તેમની વર્તણૂક પર વધુ શંકા જતા પોલીસે તેમના સામાનની ઝીણવટપૂર્વક તલાશી લેવાનું શરૂ કર્યું હતું.

પોલીસ દ્વારા આ શખ્સના સામાનની તલાશી લેવામાં આવતા તેમાંથી મોટા પ્રમાણમાં સોના અને ચાંદીના દાગીના તથા જથ્થો મળી આવ્યો હતો. રસિકલાલ પાસેથી ૨૫૦ ગ્રામ સોનું અને ૪ કિલો ચાંદીનો જથ્થો તેમજ રૂ. ૧૪.૫૦ લાખની રોકડ રકમ મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આટલા મોટા પ્રમાણમાં સોના-ચાંદી અને રોકડ અંગે સઘન પૂછપરછ કરતા ૬૫ વર્ષીય રસિકલાલ જગડા આ મુદ્દામાલ અંગેના કોઈ પણ પ્રકારના કાયદેસરના બિલ કે સંતોષકારક આધાર પુરાવા રજૂ કરી શક્યા ન હતા. પરિણામે પોલીસે તાત્કાલિક ધોરણે આ તમામ મુદ્દામાલ સીલ કરી સરકારી કબ્જામાં લઈ લીધો છે.

ઘટનાની ગંભીરતા પારખીને રેલવે પોલીસના પીઆઈ એચ.એમ. રાણા સહિતના ઉચ્ચ અધિકારીઓ અને અન્ય સ્ટાફ તાત્કાલિક અસરથી તપાસમાં જોડાઈ ગયા છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આટલું મોટું સોનું અને ચાંદી કોઈ ચોરી કે લૂંટના ગુના સાથે તો સંકળાયેલા નથી ને? અથવા તો આ કોઈ હવાલા કૌભાંડ કે પછી ટેક્સ ચોરીનો મોટો મામલો છે કે કેમ, તે અંગે ઝીણવટભરી પૂછપરછ ચાલી રહી છે. નાણાકીય અનિયમિતતાની આશંકાને પગલે રેલવે પોલીસ દ્વારા હવે ઇન્કમટેક્સ વિભાગ (આવકવેરા વિભાગ) અને અન્ય સંબંધિત સરકારી એજન્સીઓને પણ સત્તાવાર જાણ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# મહિલા PSI વતી લાંચ લેતા વહીવટદાર ASI ઝડપાયા

## મહિલા PSIની શોધખોળ શરૂ

અમદવાદ, તા.૨૮

વડોદરાના માંજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મારામારીના એક કેસમાં આરોપીને હેરાન ન કરવા તેમજ જામીનની પ્રક્રિયા ઝડપથી પતાવવા માટે મહિલા પીએસઆઇએ . ૨૫ હજારની લાંચ માંગી હતી. જોકે, રકઝકના અંતે રૂ. ૧૦ હજાર નક્કી થયા હતા. આ લાંચની રકમ સ્વીકારતા પોલીસ સ્ટેશનના વહીવટદાર એએસઆઇને એસીબીએ ઝડપી પાડયો છે, જ્યારે મહિલા પીએસઆઇની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

લાંચ રુશ્વત વિરોધી બ્યૂરોના જણાવ્યા મુજબ, માંજલપુર પોલીસ સ્ટેશનમાં ગત ૧ જૂનના રોજ અસામાજિક પ્રવૃત્તિ અને મારામારી અંગેનો એક ગુનો નોધાયો હતો. આ ગુનાની તપાસ મહિલા પીએસઆઇ મલ્લિકા ખીમજીભાઇ પરમાર (રહે. કેવલકૃપા સોસાયટી, અંબે સ્કૂલ પાછળ, માંજલપુર) કરી રહ્યા હતાં. તપાસ દરમિયાન મારામારીના કેસમાં આરોપીને હેરાન ન કરવા તેમજ તે પોલીસ સ્ટેશનમાં હાજર થાય ત્યારે જામીનની કાર્યવાહી ઝડપથી પૂરી કરવા માટે પીએસઆઇ એમ.કે. પરમારે ૨૫,૦૦૦ની લાંચ માંગી હતી.

આ રકમ વધારે હોવાથી રકઝકના અંતે ૧૦ હજાર આપવાનું નક્કી થયું હતું. પીએસઆઇએ આ રકમ માંજલપુર પોલીસ સ્ટેશનના વહીવટદાર કમ એએસઆઇ જયકિશન સામોજી ગામેતી (રહે. જમુના ટાવર, તરસાલી; મૂળ બાલેતા, તા. વિજયનગર, જિ. સાબરકાંઠા)ને આપી દેવા જણાવ્યું હતું અને લાંચની રકમ આપવા માટે માંજલપુર પોલીસ સ્ટેશન આવીને ફોન કરવા કહ્યું હતું.

આરોપી લાંચની રકમ આપવા માંગતો ન હોવાથી તેણે એસીબીમાં ફરિયાદ કરી હતી. જેના આધારે એસીબીએ લાંચનું છટકું ગોઠવ્યું હતું. તે મુજબ, લાંચની રકમ આપવા માટે આરોપી પોલીસ સ્ટેશન ગયો હતો અને જયકિશનને મળ્યો હતો. જયકિશને તેને પોલીસ સ્ટેશનની સામે રોડ પર પાર્ક કરેલી પોતાની ગાડીમાં બેસાડયો હતો અને લાંચની રકમ ડેશ બોર્ડ પર મૂકી દેવા જણાવ્યું હતું. આરોપી રકમ મૂકીને બહાર નીકળ્યો અને ઇશારો કર્યો, કે તરત જ એસીબીના સ્ટાફે કારમાંથી જયકિશનને ઝડપી પાડી લાંચની રકમ કબજે કરી હતી.

આ કેસમાં મુખ્ય આરોપી મહિલા પીએસઆઇ હજુ ફરાર છે અને તેમને પકડવાના ચક્રો ગતિમાન કરાયા છે. એસીબીએ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ મહિલા પીએસઆઇ તેમજ એએસઆઇ સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### બેંગકોકથી લાવેલા કરોડોના

# હાઈડ્રોપોનિક ગાંજા સાથે એક ઝડપાયો

## કસ્ટમ્સની અઈઞ ટીમે બેંગકોકથી આવેલા શંકાસ્પદ મુસાફર પાસેથી ૧૦.૯૧૧ કિલો હાઈ-પ્રોફાઈલ ડ્રગ્સ જપ્ત કર્યું : કન્વેયર બેલ્ટ પર સામાન ચેકિંગ વખતે સ્નિફર ડોગના ઈશારે ખોલી નાખી દાણચોરીની પોલ :કપડાંની વચ્ચે ૫ વેક્યૂમ-સીલ્ડ પેકેટોમાં સંતાડાયેલો જથ્થો ગુજરાતના કયા લોકલ પેડલર્સને પહોંચાડવાનો હતો ? તપાસ શરૂ



રાજકોટ, તા.૨૮

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગની એર ઇન્ટેલિજન્સ યુનિટ (અઈઞ) ની સતર્કતા અને તેમના ટ્રેઈન્ડ સ્નિફર ડોગની બાજનજરને કારણે ડ્રગ્સની દાણચોરીનો એક મોટો પર્દાફાશ થયો છે. બેંગકોકથી આવેલા એક શંકાસ્પદ મુસાફર પાસેથી અઈઞ ટીમે ૧૦.૯૧૧ કિલોગ્રામ જેટલો ઉચ્ચ ગુણવત્તાનો હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત કર્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં આ ડ્રગ્સની કિંમત કરોડો રૂપિયામાં આંકવામાં આવી રહી છે. નોંધનીય બાબત એ છે કે, તાજેતરમાં થાઈલેન્ડમાં ગાંજાના ઉપયોગને કાયદેસરની માન્યતા મળ્યા બાદ ગુજરાત સહિત સમગ્ર ભારતમાં વિદેશી અને ખાસ કરીને હાઈડ્રોપોનિક ગાંજાની દાણચોરીના બનાવોમાં ચિંતાજનક રીતે વધારો થયો છે. જોકે, એરપોર્ટ પર સુરક્ષા એજન્સીઓ અને ખાસ કરીને સ્નિફર ડોગની સક્રિયતાને લીધે ડ્રગ્સ માફિયાઓના મનસૂબા પર પાણી ફરી વળ્યું છે.

આ સમગ્ર ઓપરેશનમાં કસ્ટમ્સ વિભાગના ટ્રેઈન્ડ સ્નિફર ડોગની ભૂમિકા અત્યંત મહત્ત્વની અને નિર્ણાયક રહી હતી. મળતી માહિતી અનુસાર, એરપોર્ટ પર રૂટિન ચેકિંગ ચાલી રહ્યું હતું અને કન્વેયર બેલ્ટ પરથી બેંગકોક ફ્લાઇટના મુસાફરોનો સામાન પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન ફરજ પર હાજર સ્નિફર ડોગે અચાનક એક ચોક્કસ ટ્રોલી બેગ પાસે શંકાસ્પદ હલચલ શરૂ કરી હતી અને પોતાના હેન્ડલરને સ્પષ્ટ ઈશારો કર્યો હતો. આ ઈશારો મળતાં જ કસ્ટમ્સ અધિકારીઓ તરત જ એલર્ટ થઈ ગયા હતા અને તે બેગના માલિકને અટકાવીને બેગનું સઘન એક્સ-રે તેમજ મેન્યુઅલ ચેકિંગ હાથ ધર્યું હતું. જ્યારે અધિકારીઓએ બેગ ખોલીને તપાસ કરી તો તેમાંથી મુસાફરના કપડાંની વચ્ચે ખૂબ જ ચાલાકીથી સંતાડવામાં આવેલા ૫ સિલ્વર કલરના વેક્યૂમ-સીલ્ડ પેકેટો મળી આવ્યા હતા. આ પેકેટો ખોલતા જ તેમાંથી તીવ્ર ગંધવાળો હાઈડ્રોપોનિક ગાંજાનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, હાઈડ્રોપોનિક ગાંજો એ કોઈ ખુલ્લા ખેતરમાં નહીં પરંતુ બંધ ઓરડામાં ખાસ કૃત્રિમ વાતાવરણ અને લાઈટિંગ સેટઅપમાં ઉગાડવામાં આવે છે. તેમાં નશાનું પ્રમાણ વધુ હોવાથી તે સામાન્ય ગાંજા કરતાં બજારમાં દસ ગણી વધુ કિંમતે વેચાય છે, જે હાઇ-પ્રોફાઇલ પાર્ટીઓમાં વધુ ડિમાન્ડમાં હોય છે. કસ્ટમ્સ વિભાગે ઘટનાસ્થળે જ ડ્રગ્સ ટેસ્ટિંગ કીટ દ્વારા પ્રાથમિક તપાસ કરીને નશીલા પદાર્થની પુષ્ટિ કરી હતી અને ત્યારબાદ ગઉઙજ એક્ટ (નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સીસ એક્ટ) ની કડક કલમો હેઠળ ડ્રગ્સ જપ્ત કરી આરોપી મુસાફરની સત્તાવાર ધરપકડ કરી લીધી છે.

### સ્થાનિક પેડલર્સ સુધી પહોંચવા કવાયત

હાલમાં એર ઇન્ટેલિજન્સ યુનિટ (અઈઞ) દ્વારા આરોપી મુસાફરની આકરી પૂછપરછ કરવામાં આવી રહી છે. આ સાથે જ તેના મોબાઈલ ફોનની કોલ ડિટેઈલ્સ અને મેસેજીસના આધારે સઘન તપાસ શરૂ કરવામાં આવી છે. તપાસ એજન્સીઓ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે બેંગકોકથી લાવવામાં આવેલો આ કરોડો રૂપિયાનો ડ્રગ્સનો જથ્થો અમદાવાદ શહેરમાં કે ગુજરાતના અન્ય કોઈ વિસ્તારમાં કયા લોકલ પેડલર્સ કે સ્મગલિંગ સિન્ડિકેટને ડિલિવર કરવાનો હતો. આગામી દિવસોમાં આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય મોટા માથાઓના નામ પણ ખૂલે તેવી પૂરેપૂરી શક્યતાઓ જોવા મળી રહી છે.

### કાયદો વ્યવસ્થા જાળવવા રાજકોટ પોલીસની કડક ડ્રાઈવ

# જાહેરનામા ભંગ, દારૂ, હથિયારબંધીના ૩૬ કેસ

## તમામ પોલીસ મથકોમાં ૨૪ કલાકમાં સપાટો; રોડ પર ચેનચાળા કરતી ચાર યુવતીઓ સામે પણ કાર્યવાહી

રાજકોટ,તા.૨૮

શહેર પોલીસ દ્વારા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ કરવા અને ગુનેગારો પર ધાક બેસાડવા માટે તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કડક ડ્રાઈવ યોજવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન જાહેરનામા ભંગ, હથિયાર ધારા, પ્રોહિબિશન (દારૂ), જાહેર રસ્તા પર વાહનો ખડકી ટ્રાફિકને અડચણરૂપ થવા તેમજ જુગાર રમવા બદલ કુલ ૩૬ કેસ નોંધીને તમામ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રોડ પર ચેનચાળા કરતી મહિલાઓ સામે પણ ગુના દાખલ થયા હતાં.



વિગતો જોઈએ તો પોલીસ કમિશનરના જાહેરનામા ભંગના કેસોમાં સીસીટીવી કેમેરાનું રેકોર્ડિંગ ન રાખવા, મકાન ભાડુઆતની માહિતી પોલીસને ન આપવા બદલ રાજેશ ચંપકલાલ અનડકટ સામેએસ.ટી. ચોકી વિસ્તારમાં આવેલ મારૂતી ગેસ્ટ હાઉસ ડોરમેટરી બેસ એન્ડ રૂમમાં નિયમ મુજબ ૩૦ દિવસના બદલે માત્ર ૧૬ દિવસનું જ સીસીટીવી રેકોર્ડિંગ રાખવા બદલ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો છે.લીલાબેન ગોકુળભાઈ માલકીયા સામે દેવકી નંદન સોસાયટીમાં પોતાની ઓરડી ભાડે આપી પોલીસમાં નોંધ ન કરાવવા બદલ આજીડેમ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો, વિવેક ઈશ્વર મગર (નેપાલી) સામે રેસકોર્સ પાર્ક વિસ્તારમાં નેપાળના છોકરાને સાફ સફાઈના કામે રાખી પોલીસમાં જાણ ન કરવા બદલ પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો, જયેશ સંપતભાઈ ચારોલા સામે ઘંટેશ્વર ૨૫ વારીયા ક્વાર્ટર્સ વિસ્તારમાં દેશી દારૂનો જથ્થો રાખવા બદલ, વિષ્ણુ સંગ્રામભાઈ સાડમિયાઃ રિધ્ધિ સિધ્ધિના નાલા પાસે કબ્જામાં ધારીયુ રાખીને હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરવા બદલ આજીડેમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતી

જ્યારે એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે રોમિયોગીરી કરતી ૪ યુવતીઓ ઝડપાઈ હતી. એ-ડિવિઝન પોલીસ સ્ટેશન દ્વારા હેબર રોડ એસ.ટી. બસ સ્ટેન્ડ સામે જ્યુબિલી પોલીસ ચોકી બીટ વિસ્તારમાં જાહેરમાં ચેનચાળા કરી પુરુષોને ઈશારા કરવા બદલ ચાર અલગ-અલગ ૪ મહિલાઓ સામે બી.એન.એસ. કલમ ૨૯૬-એ તથા જી.પી.એક્ટ મુજબ કેસ કરવામાં આવ્યા છે. આ મહિલાઓ રાણીમા રૂડીમા ચોક, રેલવે ધાર મ.પરા, રાજકોટ, નરસંગપરા ખાડામાં, કેસરીપુલ નીચે, મફતીયાપરા, મારૂતી પાર્ક શેરી નં-૩, બીગ બજાર પાછળ અને બાંગરોડ, જી. રતલામ (મધ્ય પ્રદેશ), હાલ રાજકોટ રહે છે.

આ ઉપરાંત હથિયારબંધી કાયદા હેઠળ છરી-તલવાર સાથે પાંચને પકડવામાં આવ્યા હતા. જાહેરમાં તીક્ષ્ણ હથિયારો લઈને ફરતા શખ્સો સામે જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવી છેઃ જેમાં જયેશ પુનમભાઈ મારવાડી લોટરી બજાર મેઈન રોડ ખાતેથી કબ્જામાંથી છરી સાથે ઝડપાયો (એ-ડિવિઝન પોલીસ સ્ટેશન), કેવલ ભરતભાઈ કાવિઠીયા માધવ હોલ પાસે ૮૦ ફૂટ રોડ પરથી ધારદાર છરી સાથે પકડાયો (ભક્તિનગર પોલીસ સ્ટેશન),જયદિપ પ્રવિણભાઈ સોલંકી કુબલીયાપરા શેરી નં-૫ મચ્છી ચોક પાસેથી તીક્ષ્ણ છરી સાથે ઝડપાયો (થોરાળા પોલીસ સ્ટેશન),ભરત બચુભાઈ ચૌહાણ જંક્શન મેઈન રોડ કોઠી કમ્પાઉન્ડ ગેઈટ પાસેથી સ્ટેનલેસ સ્ટીલના પાનાવાળી એક બાજુ ધારવાળી છરી સાથે ઝડપાઇ જતા પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં ગુના દાખલ કરાયા હતાં. તેમજ વનરાજ ઉર્ફે અનકો ગોવિંદભાઈ સોરાણી બારવણ ગામના કાચા રસ્તા પરથી કબ્જામાં ગેરકાયદેસર તીક્ષ્ણ છરી રાખવા બદલ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં, નિલેશ મેરામભાઈ મિયાત્રા દેવપરા મેઈન રોડ ખાતેથી કબ્જામાંથી સ્ટેનલેસ સ્ટીલની છરી સાથે ઝડપાતા ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો.

તેમજ મોટર વ્હીકલ એક્ટ અને બેદરકારીથી વાહન ચલાવવાના કેસો છ કેસ થયા હતાં.જાહેર રોડ પર ટ્રાફિકને અડચણરૂપ વાહનો પાર્ક કરવા અને કેફી પ્રવાહી પીધેલી હાલતમાં ઓટોરિક્ષા કે મોટરસાયકલ ચલાવતા શખ્સો સામે ગુના નોંધાયા છે. જેમાં જગદીશ રાજુભાઈ જાદવ ગોંડલ રોડ માલધારી ફાટક પાસે ટ્રાફિકને અડચણરૂપ મહિન્દ્રા બોલેરો પીકઅપ GJ-૩૨-T-૪૮૦૭ રાખવા બદલ આજીડેમ પોલીસ સ્ટેશનમાં, કાના મનુભાઈ જળુ સામે રાજકોટ-ભાવનગર હાઈવે સરધાર ગામ પાસે ટ્રાફિક સર્જી બોલેરો પીકઅપ GJ-૩૯-X-૪૬૨૪ ઉભી રાખવા બદલ આજીડેમ પોલીસ સ્ટેશનમાં, ધનજી દાનાભાઈ રાઠોડ સામે કેફી પ્રવાહી પીધેલી હાલતમાં હોન્ડા કંપનીનું GJ-૦૩-ગઊ-૯૧૨૨ બાઈક ચલાવવા બદલ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં, રાયધન બાલાભાઈ ભલગામડીયા સામે દારૂ પીધેલી હાલતમાં ઓટોરિક્ષા GJ-૦૩-BX-૮૫૨૪ ચલાવવા બદલ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ,કરણ બાબુભાઈ કઢકિયાસને કેફી પ્રવાહી પીધેલી હાલતમાં GJ-૧૩-HH-૪૨૦૬નું વાહન ચલાવવા બદલ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં, સંજય પાતાભાઈ સોલંકી કેફી પ્રવાહી પીધેલી હાલતમાં મો.સા. (GJ-૦૩-PC-૩૩૫૬) ચલાવવા બદલ (કુવાડવા રોડ પોલીસ સ્ટેશન, જીસુ ગુલાબભાઈ દોડીવાડીયા કેફી પ્રવાહી પીધેલી હાલતમાં સીએનજી રિક્ષા GJ-૦૩-BX-૧૧૧૦ ચલાવવા બદલ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં, સચીન હસમુખભાઈ પોરીયા સામે કાળા કલરનું એક્ટીવા મોટર સાયકલ GJ-૦૩-QC-૬૩૭૫ કેફી પ્રવાહી પીધેલી હાલતમાં ચલાવવા બદલ ભક્તિનગર પોલીસ સ્ટેશનમા, લખમણ બાબુભાઈ ભાલીયા સામે પાસ પરમીટ વગર કેફી પ્રવાહી પીધેલી હાલતમાં હોન્ડા કંપનીનું GJ-૦૩-FB-૨૫૧૫ ચલાવવા બદલ થોરાળા પોલીસ સ્ટેશનમાં, ભુનેશ મહેશકુમાર ગૌતમ અને અર્જુનભાઈ ના કારાબાના (ઉત્તર પ્રદેશ) સામે કેફી પ્રવાહી પીધેલી હાલતમાં બાઈક GJ-૦૩-HB-૦૭૫૫ ચલાવવા બદલ આજીડેમ પોલીસ સ્ટેશનમાં, હેમંત મગનભાઈ પરમાર સામે કેફી પ્રવાહી પીધેલી હાલતમાં બજાજ સીટી ૧૦૦ રિક્ષા GJ-૦૩-BH-૬૦૩૫ ચલાવવા બદલ આજીડેમ પોલીસ સ્ટેશનમાં,કિશોર ભીમાભાઈ ખિસડીયા સામે એક્સેસ GJ-૦૩-NA-૦૬૨૫ કેફી પ્રવાહી પીધેલી હાલતમાં ચલાવવા બદલ પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં, રાહુલ બાબુભાઈ રાઠોડ કેફી પ્રવાહી પીધેલી હાલતમાં બિનવારસી હાલતમાં ઝડપાતા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો.

જ્યારે દારૂબંધી હેઠ કુલ ૧૦ કેસ નોંધાયા હતાં.કુવાડવા રોડ અને ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન દ્વારા દેશી દારૂના વેચાણ અને હેરફેર પર કડક કાર્યવાહી કરી નીચે મુજબના આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી લેવાયા છે.

નિલેશ મગનભાઈ વાઘેલા નવાગામ આણંદપર પાસેથી દેશી દારૂ લીટર-૬ કિંમત ૧૨૦ સાથે (કુવાડવા રોડ પોલીસ સ્ટેશન)અમિત બાબુભાઈ વાળાઃ શક્તિ સોસાયટી પાસેથી દેશી દારૂ લીટર-૩ કિંમત ૬૦ સાથે (કુવાડવા રોડ પોલીસ સ્ટેશન), મધુ સવજીભાઈ રાઠોડ નવાગામ આણંદપર રામાપીર મંદિર પાછળથી દેશી દારૂ લીટર-૩ કિંમત ૬૦ સાથે (કુવાડવા રોડ પોલીસ સ્ટેશન), હેમંત રણજીતભાઈ મકવાણા ગવરીદળ ગામ આઈઓસી ડેપો પાછળથી દેશી દારૂ લીટર-૫ કિંમત ૧૦૦ સાથે (કુવાડવા રોડ પોલીસ સ્ટેશન), જોસના રજવાભાઈ ચારોલીયા કુવાડવા જીઆઈડીસી ઓવરબ્રિજ પાસેથી દેશી દારૂ લીટર-૦૪ કિંમત ૮૦ સાથે (કુવાડવા રોડ પોલીસ સ્ટેશન), આનંદ ચીનુભાઈ સાકરીયાઃ મફતીયાપરા શેરી નં.૧ રામાપીરના મંદિર પાસેથી દેશી દારૂ લીટર-૦૫ કિંમત ૧૦૦ સાથે કુવાડવા રોડ પોલીસ સ્ટેશન દ્વારા પકડી કાર્યવાહી કરવામા આવી હતી.

### કાલાવડ રોડ પર જુગારધામ પર ડીસીબીનો દરોડો

# ફ્લેટમાં પત્તા ટીચતા ૬ ઝડપાયા

### ડીસીબીની ટીમે દરોડો પાડી રૂ. ૩૨,૬૦૦ની રોકડ કબ્જે કરી

રાજકોટ,તા.૨૮

શહેરના કાલાવડ રોડ પર આવેલા આત્મીય કોલેજ સામે, શક્તિનગર શેરી નં-૨ માં સીયારામ કોમ્પ્લેક્ષના એક ફ્લેટમાં ચાલતા જુગારધામ પર ડીસીબી પોલીસે સફળ દરોડો પાડીને જુગાર રમતા ૬ શખ્સોને રંગેહાથ ઝડપી લીધા છે. પોલીસે ઘટનાસ્થળેથી કુલ રૂ. ૩૨,૬૦૦ની રોકડ રકમ અને ગંજીપાના કબજે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વિગતો અનુસાર, ડીસીબી પોલીસ મથકના કોન્સ્ટેબલ મનીષભાઈ પોલાભાઈ ચાવડાની ફરિયાદના આધારે આ રેઈડ કરવામાં આવી હતી. કાલાવડ રોડ પર રહેતા ભાવિન ચંદુભાઈ પાડલીયા નામના શખ્સના ફ્લેટ નં-૭માં બહારથી માણસો બોલાવીને તીનપત્તીનો જુગાર રમાડવામાં આવતો હોવાની ચોક્કસ માહિતી મળતા પોલીસે રાત્રિના સમયે ઓચિંતો દરોડો પાડ્યો હતો. પોલીસ રેઈડ દરમિયાન ફ્લેટમાં ગંજીપાના વડે હારજીતનો જુગાર રમતા ફ્લેટ માલિક ભાવિન ચંદુભાઈ પાડલીયા (ઉ.વ.૩૬), હીતેનભાઈ જેન્તીભાઈ રાંછ (ઉ.વ.૪૬, રહે. ભક્તિનગર સર્કલ પાસે), નીલેશભાઈ મુકેશભાઈ વાગડીયા (ઉ.વ.૩૭, રહે. જીવરાજપાર્ક), પરશોતમભાઈ ચનાભાઈ અજાણી



(ઉ.વ.૫૫, રહે. માલવીયાનગર), અરવીંદ પથુભાઈ પારેડી (ઉ.વ.૩૭, રહે. મેટોડા જી.આઈ.ડી.સી.) અને દીપેશભાઈ હરીશભાઈ રાજપરા (ઉ.વ.૪૨, રહે. કેનાલ રોડ) મુદ્દામાલ સાથે આબાદ ઝડપાઈ ગયા હતા.

ડીસીબી પોલીસે તમામ આરોપીઓ સામે જુગાર ધારા કલમ-૪ અને ૫ મુજબ ગુનો નોંધી, કુલ રૂ. ૩૨,૬૦૦ની રોકડ અને ૫૨ પાના જપ્ત કર્યા છે. આ મામલે ગુનાની વધુ તપાસ ડીસીબી પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર વી.ડી. રાવલીયા ચલાવી રહ્યા છે.

### રાજકોટના ત્રંબા ગામની વાડીમાંથી ૫૨,૦૦૦ની અનોખી ચોરી

# બોલો લ્યો..કૂતરી-૮૦ કબૂતર ચોરાયા

રાજકોટ,તા.૨૮

તાલુકાના ત્રંબા (કસ્તુરબાધામ) ગામ પાસે મોહનધામ આશ્રમ નજીક આવેલી એક વાડીમાંથી કિંમતી વિદેશી નસ્લની કૂતરી અને ૮૦ નંગ કબૂતરોની ચોરી થવાનો એક ચોંકાવનારો અને અનોખો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે વાડી ભાગીદારીમાં રાખી પશુ-પક્ષીઓનો ઉછેર કરતા યુવકે પોતાના જ પરિચિત બે શખ્સો વિરૂદ્ધ આજીડેમ પોલીસ સ્ટેશનમાં ૫૨,૦૦૦ના મુદ્દામાલની ચોરી અંગે નામજોગ ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદની વિગતો મુજબ રાજકોટના ગોકુલનગર આવાસ યોજના (ચામુંડા કૃપા મકાન, કોઠારીયા રોડ) પાસે રહેતા ભાર્ગવ દિલીપભાઈ ચોટલીયા (ઉ.વ. ૨૪) જ્ઞાતિએ કડીયા છે અને ખેતીકામ કરે છે. ભાર્ગવ અને તેનો મિત્ર રોહનભાઈ ભાવેશભાઈ માડીયા બંને છેલ્લા છ માસથી ત્રંબા ગામ પાસે, મોહનધામ આશ્રમ નજીક આવેલી રોહન ધરાવતા જમીન ભાગમાં વાવીને રાખે છે. આ વાડી ખાતે તેઓએ અલગ-અલગ પ્રજાતિના નાના-મોટા ૨૫ જેટલા શ્વાન (કૂતરા) અને ૨૫૦ જેટલા કબૂતરો રાખ્યા છે, જેની તેઓ સંભાળ રાખે છે. વાડીની દેખરેખ માટે તેઓનો મિત્ર યોગેશ સુરેલા ત્યાં જ રહે છે.

ગત તા. ૧૬/૦૬/૨૦૨૬ના રોજ રાત્રિના સમયે ભાર્ગવ, રોહન અને તેનો અન્ય એક મિત્ર ઈરફાન ઈબ્રાહીમભાઈ મીર ત્રંબા વાડીએ ગયા હતા. ત્યાં હાજર યોગેશે જણાવ્યું કે, આપણી એક કૂતરી મળતી નથી. આસપાસમાં તપાસ કરતા માલુમ પડ્યું કે વાડીએ અવારનવાર આવતા અને શ્વાન સાથે રમત કરતા પરિચિત શખ્સો કિશન અબસાણીયા અને ભાવિક અબસાણીયા સાંજના સમયે ત્યાં આવ્યા હતા. રાત્રિના નવેક વાગ્યે તેઓએ કૂતરીને ખવડાવીને રૂમમાં મૂકી હતી અને તાળું મારવાનું કહીને ત્યાં જ રોકાયા હતા. ત્યારબાદ યોગેશ અન્ય ગામે ગયો હતો. મોડી રાત્રે યોગેશે પરત આવીને જોતા રૂમનું તાળું નીચે પડેલું હતું અને ૨૦,૦૦૦ની કિંમતની 'ભૂરી' નામની માદા કૂતરી ગાયબ હતી. કૂતરી ગાયબ થતાં ભાર્ગવ અને ઈરફાન તે જ રાત્રે કિશન અને ભાવિકના ઘરે ગયા હતા, પરંતુ બંનેના ફોન સ્વીચ ઓફ હતા અને ઘરના દરવાજા પણ ખુલ્યા નહોતા. બીજા દિવસે ફોન પર વાત થતાં બંને શખ્સોએ ચોરીનો ઈનકાર કર્યો હતો. આ દરમિયાન વાડી માલિકોએ રાજકોટના પેટ શોપ અને કબૂતરના વેપારીઓને વોટ્સએપ પર કૂતરીના ફોટા મોકલી જાણ કરી હતી. આ દરમિયાન રાજકોટ ગંજીવાડા વિસ્તારમાં રહેતા કબૂતરના વેપારી દિનેશભાઈ મકવાણાએ રોહન માડીયાને ફોન કરીને ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. દિનેશભાઈએ જણાવ્યું કે તા. ૧૧/૦૬થી તા. ૧૬/૦૬ સુધી આ બંને શખ્સો તેમની દુકાને કબૂતર વેચવા આવતા હતા. એટલું જ નહીં, તા. ૧૬મીની રાત્રે સાડા દસેક વાગ્યે જ્યારે તેઓ કબૂતર વેચવા આવ્યા ત્યારે તેમની પાસે જે કૂતરી હતી તે વોટ્સએપમાં મોકલેલા ફોટાવાળી જ કૂતરી હતી. વાડી માલિકોએ વેપારીની દુકાને જઈ સીસીટીવી ફૂટેજ ચેક કરતા બંને શખ્સો કૂતરી સાથે કેમેરામાં કેદ થયેલા જોવા મળ્યા હતા. વાડીએ પરત આવી કબૂતરોની ગણતરી કરતા તેમાંથી પણ ૩૨,૦૦૦ની કિંમતના ૮૦ નંગ કબૂતરો ઓછાં જોવા મળ્યા હતા.

પોતાની ચોરી પકડાઈ ગઈ હોવાની અને સીસીટીવી ફૂટેજ સામે આવ્યા હોવાની જાણ થતાં જ આરોપી કિશન અબસાણીયા ગત તા. ૨૫/૦૬ના રોજ બપોરના સમયે છાનોમાનો વાડીએ આવીને 'ભૂરી' નામની કૂતરીને મુકીને નાસી ગયો હતો. આમ, પરિચિત એવા કિશન અબસાણીયા અને ભાવિક અબસાણીયા (રહે. રાજકોટ)એ વાડીમાંથી ૨૦,૦૦૦ની કિંમતની કૂતરી અને ૩૨,૦૦૦ની કિંમતના ૮૦ નંગ કબૂતરો મળી કુલ ૫૨,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી હોવાનું સ્પષ્ટ થતાં ભાર્ગવ ચોટલીયાએ આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ અંગે આજીડેમ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ અજયભાઈ જેસીંગભાઈએ ગુનો નોંધી બંને શખ્સોની અટકાયત કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

**પરિચિત બે શખ્સો કૂતરીને રૂમમાં પૂરવાના બહાને ચોરી ગયાઃ એક વેપારીના સીસીટીવી ફૂટેજ ચેક કરતા સમગ્ર ભાંડો ફૂટ્યો; પકડાઈ જવાના ડરે કૂતરી પાછી મૂકી ગયાઃ આજીડેમ પોલીસ મથકમાં ગુનો દાખલ**

### એક તો રૂપિયા ગયા ને માથે જતાં ધમકીઓ મળતા અંતે સાયબર ક્રાઈમમાં ફરિયાદ

# વજન ઘટાડવાના નામે ૧.૭૭ કરોડનો ધુમ્બો

### સોશિયલ મીડિયા પર ક્યોરેસ્ટ સાયન્સ ડોટ ઈન વેબસાઈટના સથવારે વજન ઉતારવાની પ્રોડક્ટ્સ ખરીદવી યુવકને ભારે પડીઃ નકલી ડોક્ટર અને એજન્ટ બનીને ખેલ ખેલાયો

રાજકોટ:,તા.૨૮

ડિજિટલ ક્રાંતિના આ યુગમાં ઓનલાઈન ઠગાઈ આચરતી સાયબર માફિયા ગેંગ હવે લોકોની શારીરિક નબળાઈઓ અને જરૂરિયાતોનો ફાયદો ઉઠાવીને પણ કરોડો રૂપિયાના અંધેર ખેલ ખેલવા લાગી છે, જેનો જીવતો જાગતો અને સુરતના ઈતિહાસનો કદાચ સૌથી મોટો અને ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સુરતના અતિ પોશ ગણાતા અડાજણ વિસ્તારમાં રહેતા એક આશાસ્પદ યુવકને સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ પર માત્ર વજન ઘટાડવાની પ્રોડક્ટ્સ ખરીદવાનું એટલું બધું મોંઘું પડ્યું કે તેને સપનેય ખ્યાલ નહીં હોય કે તે પોતાની જિંદગીની સૌથી મોટી છેતરપિંડીનો ભોગ બનવા જઈ રહ્યો છે. ગત ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ફેસબુક અને વોટ્સએપ પર લોભામણી જાહેરાતો જોઈને 'ક્યોરેસ્ટ સાયન્સ ડોટ ઈન' નામની વેબસાઈટનો સંપર્ક કરનાર આ યુવકને ઓનલાઈન ડિજિટલ માધ્યમો પર વજન ઉતારવાના મોટા-મોટા ભ્રામક દાવાઓ કરીને સાયબર ગઠિયાઓએ એવી રીતે પોતાની માયાજાળમાં ફસાવ્યો કે વજન ઉતારવાની મોંઘીદાટ દવાઓ, બોગસ ટ્રીટમેન્ટ્સ, નકલી ડોક્ટરો, બોગસ એજન્ટો અને કુરિયર બોયના વેશમાં આખી ટોળકીએ ભેગા મળીને યુવક પાસેથી એક કરોડ સિત્યોતેર લાખ ચાલીસ હજાર પાંચસોની મસમોટી રકમ પડાવી લીધી હતી. એટલું જ નહીં, કરોડો રૂપિયા સ્વાહા કરી ગયા પછી પણ આ ઠગ ટોળકીની લાલચ ન સંતોષાતા વધુ રૂ. ૮૧.૫૦ લાખની માંગણી સાથે યુવક અને તેના પરિવારને માનસિક-શારીરિક રીતે બરબાદ કરી નાખવાની અને અગાઉના કરોડો રૂપિયા ડુબાડી દેવાની ધમકીઓ આપવાનું શરૂ કરતા, આખરે મામલો સાયબર ક્રાઈમ પોલીસ મથકે પહોંચ્યો હતો.

આંતરરાજ્ય ગેંગના મૂળ સુધી




**યુવકને ઠગોએ ડરાવ્યો કે જો બાકીના રૂપિયા નહીં મળે તો અગાઉ આપેલી કરોડોની રકમ ડૂબી જશે, ફાઈલ બંધ થઈ જશે**

પહોંચવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ડિજિટલ યુગમાં સાયબર માફિયાઓ અવનવા કીમિયા અપનાવીને લોકોને પોતાની જાળમાં ફસાવી રહ્યા છે. સુરતના પોશ વિસ્તાર ગણાતા અડાજણમાં રહેતા એક યુવક સાથે ઓનલાઈન વજન ઘટાડવાના નામે અધધ.. રૂ. ૧.૭૭ કરોડથી વધુની છેતરપિંડીનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સોશિયલ મીડિયા પર વજન ઘટાડવાના મોટા-મોટા દાવાઓ જોઈને આ યુવક ઠગ ટોળકીનો ભોગ બન્યો હતો.

વિગતો જોઈએ તો ભોગ બનનાર યુવકે ફેસબુક અને વોટ્સએપના માધ્યમથી 'ક્યોરેસ્ટ સાયન્સ ડોટ ઈન'નામની વેબસાઈટ પર વજન ઘટાડવાની પ્રોડક્ટ્સ માટે સંપર્ક કર્યો હતો. આ સંપર્ક બાદ સાયબર માફિયાઓએ યુવકને શિકાર બનાવવાનું આયોજન શરૂ કરી દીધું હતું.


યુવકે વેબસાઈટ પર ક્વેરી કર્યા બાદ તેને અલગ-અલગ મોબાઈલ નંબરો પરથી ફોન આવવાના શરૂ થયા હતા. ફોન કરનારા આરોપીઓએ પોતાની નકલી ઓળખ આપીને યુવકનો વિશ્વાસ જીત્યો હતો. કોઈકે કંપનીના નકલી ડોક્ટર, તો કોઈકે એજન્ટ અને કુરિયર બોય તરીકે ઓળખ આપી હતી. વજન ઉતારવાની અલગ-અલગ મોંઘી દવાઓ અને સારવારના નામે આરોપીઓએ કુરિયર મારફતે તેમજ કેટલાક વ્યક્તિઓને સીધા યુવકના ઘરે મોકલીને કટકે-કટકે કુલ રૂ. ૧,૭૭,૪૦,૫૦૦ એક કરોડ સિત્યોતેર લાખ ચાલીસ હજાર પાંચસો) ની માતબર રકમ પડાવી લીધી હતી.

ગઠિયાઓએ રૂ. ૧.૭૭ કરોડ જેવી મોટી રકમ પડાવી લીધા પછી પણ ઠગ ટોળકીની લાલચ શાંત થઈ નહોતી. તેઓએ યુવક પાસે વધુ રૂ. ૮૧,૫૦,૦૦૦ની માંગણી કરી હતી. જોકે, આ વખતે યુવકે વધુ પૈસા આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. પૈસા આપવાની ના પાડતા જ આરોપીઓએ અસલી રંગ બતાવ્યો અને યુવકને ધમકાવવાનું શરૂ કર્યું. ઠગોએ ડરાવ્યો કે જો બાકીના રૂપિયા નહીં મળે તો અગાઉ આપેલી કરોડોની રકમ ડૂબી જશે, ફાઈલ બંધ થઈ જશે અને યુવક તેમજ તેના પરિવારને શારીરિક-માનસિક રીતે હેરાન કરવામાં આવશે.

વારંવાર મળતી ધમકીઓ અને બ્લેકમેઈલિંગથી કંટાળીને અંતે યુવકને ભાન થયું કે તેની સાથે બહુ મોટી છેતરપિંડી થઈ ચૂકી છે. આખરે હિંમત ભેગી કરી યુવકે સુરત સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં જઈને પોતાની સાથે ઘટેલી આખી ઘટનાની આપવીતી જણાવી હતી. પોલીસે યુવકની સત્તાવાર ફરિયાદના આધારે ગુનો નોંધી લીધો છે. આ કરોડોની છેતરપિંડી આચરનાર આંતરરાજ્ય ગેંગ હોવાની આશંકાએ પોલીસે ટેકનિકલ સર્વેલન્સની મદદથી ઠગોના મૂળ સુધી પહોંચવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# PM ઈ-બસ સેવાથી પર્યાવરણ-મૈત્રી પરિવહનનો સૂર્યોદય

## ગાંધીનગરથી કેન્દ્રીય ગૃહ મંત્રી શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઈ-બસનો કરાવાયો પ્રારંભ






ગાંધીનગર, તા.૨૮


ગાંધીનગર સ્માર્ટ સિટી બનવા તરફ વધુ એક ઐતિહાસિક કદમ ભરી રહ્યું છે. દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરદર્શી નેતૃત્વ હેઠળ શરૂ કરાયેલી 'ડ્ઢ્ઢ-યઈીત જ્યૂફ' યોજના અંતર્ગત હવે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં આધુનિક, સ્વચ્છ અને ગ્રીન પબ્લિક ટ્રાન્સપોર્ટ સેવાઓનો કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ના હસ્તે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં દબદબાભેર શુભારંભ થયો છે. સમગ્ર દેશના શહેરી વિસ્તારોમાં પ્રદૂષણમુક્ત અને સુગમ વાહનવ્યવહાર પૂરો પાડવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૫૭,૬૧૩ કરોડના કુલ અંદાજિત ખર્ચ સાથે આ યોજના અમલમાં મૂકાઈ છે, જેમાં કેન્દ્ર સરકારનો હિસ્સો રૂ. ૨૦,૦૦૦ કરોડનો છે.

**Public-Private Partnership** એટલે કે ડ્ડ્ડ મોડેલ પર આધારિત આ મહત્ત્વાકાંક્ષી અભિયાન હેઠળ સમગ્ર દેશમાં ૧૦,૦૦૦ ઈલેક્ટ્રિક બસો તૈનાત કરવાનું લક્ષ્ય છે. આ યોજના અંતર્ગત ગાંધીનગર શહેરને કુલ ૧૦૦ ઇલેક્ટ્રિક મિડી બસોની ફાળવણી કરવામાં આવી છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્થાપિત **Gandhinagar Greenline Transport Service Limited -GGTSL** મારફતે આ યોજનાનું સફળ અમલીકરણ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે, જેના પ્રથમ તબક્કા તરીકે ૪૦ આધુનિક એ.સી. ઇ-બસોને લીલી ઝંડી આપીને નિયમિત રૂટો પર કાર્યરત કરવામાં આવી છે. નાગરિકોની સેવામાં ઉમેરવામાં આવેલી આ નવી ઇ-બસો માત્ર પર્યાવરણને જ અનુકૂળ નથી, પરંતુ મુસાફરોની સુરક્ષા અને સવલતની દ્રષ્ટિએ પણ બેજોડ છે. ૯ મીટર લાંબી આ સંપૂર્ણ એર-કન્ડિશન્ડ મિડી બસોમાં ૨૫ મુસાફરોની બેઠક ક્ષમતા ઉપરાંત ૧૩ મુસાફરો ઉભા રહે એ માટે આરામદાયક સુવિધા ઉપલબ્ધ છે. ખાસ કરીને દિવ્યાંગ નાગરિકો માટે બસમાં હાઇડ્રોલિક રેમ્પ/પ્લેટફોર્મ સહિતની સંપૂર્ણ અક્સેસિબિલિટી સુવિધા આપવામાં આવી છે. આ સાથે જ મહિલા મુસાફરો માટે ૪ બેઠકો અને વરિષ્ઠ નાગરિકો માટે પણ ૪ બેઠકો અનામત રાખવામાં આવી છે. 'ડિજિટલ ઇન્ડિયા'ના સ્વપનને સાકાર કરવાના એક નક્કર પગલાંરૂપે તમામ બસોમાં **Electronic Ticketing Machine -ETM** સ્થાપિત કરવામાં આવ્યા છે, જેનાથી મુસાફરો ચછ કોડ, ગ્ઢ્ઢૈં અને અન્ય ડિજિટલ-કેશલેસ માધ્યમો દ્વારા સરળતાથી ભાડાની ચૂકવણી કરી શકશે.

ઇ-બસ સેવાના નિર્વિઘ્ન અને અવિરત સંચાલન માટે સરગાસણ ખાતે અંદાજે રૂ. ૧૭ કરોડના ખર્ચે અત્યાધુનિક ડેપો અને ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં આવ્યું છે, જ્યાં આધુનિક ચાર્જિંગ સ્ટેશન, મેન્ટેનન્સ વ્યવસ્થા અને ઓપરેશનલ કંટ્રોલ સિસ્ટમ જેવી ટેકનિકલ સુવિધાઓ ઊભી કરાઈ છે.

નાગરિકોની સુવિધા માટે ગાંધીનગર શહેર અને તેની આસપાસના વિસ્તારોને સાંકળતા ૧૮ વૈજ્ઞાનિક ધોરણે આયોજનબદ્ધ રૂટો નક્કી કરાયા છે. આ નેટવર્ક અંતર્ગત સરગાસણ, પાથિકાશ્રમ, સચિવાલય, ગાંધીનગર રેલવે સ્ટેશન, મહાત્મા મંદિર, ગિફ્ટ સિટી , ચિલોડા, દહેગામ, કડી, કલોલ, ચાંદખેડા, ધમાસણ, નારદિપુર, સોનિપુર, કોથા, આદરજ મોટી, ટીંટોડા, IIT ગાંધીનગર, ડભોડા અને માણસા સહિતના વિસ્તારોને આવરી લેવાયા છે. સામાન્ય નાગરિકોને પોષાય તેવા હેતુથી મુસાફરીનું ભાડું અંતરના આધારે ન્યૂનતમ રૂ. ૫ થી મહત્તમ રૂ. ૩૦ નિર્ધારિત કરવામાં આવ્યું છે. જેમાં ૩ કિમીથી ઓછા અંતર માટે રૂ. ૫, ૩ થી ૫ કિમી માટે રૂ. ૧૦, ૫ થી ૮ કિમી માટે રૂ. ૧૫, ૮ થી ૧૪ કિમી માટે રૂ. ૨૦, ૧૪ થી ૨૦ કિમી માટે રૂ. ૨૫ અને ૨૦ કિમીથી વધુ અંતર માટે રૂ. ૩૦ ભાડું રહેશે. ગાંધીનગરના નાગરિકો આ નવી સેવાનો ઉત્સાહભેર અનુભવ કરી શકે તે માટે સેવાના પ્રારંભથી પ્રથમ ૧૫ દિવસ સુધી સમગ્ર મુસાફરી સંપૂર્ણ નિઃશુલ્ક રાખવામાં આવી છે અને ત્યારપછી પણ ૫ વર્ષથી ઓછી વયના બાળકો માટે મુસાફરી સર્વદા નિઃશુલ્ક રહેશે. ગાંધીનગર મહાનગરપાલિકા દરેક નાગરિકને સુરક્ષિત, સ્વચ્છ, આરામદાયક અને પર્યાવરણ-મૈત્રી જાહેર પરિવહન સેવા આપવા કટિબદ્ધ છે, જે ગાંધીનગરના સ્માર્ટ સિટી તરીકેના સ્વપનને સાર્થક કરીને શહેરી પરિવહનમાં નવા અધ્યાયની ઉજ્જવળ શરૂઆત સૂચવે છે.

# ગુજરાતમાં મેઘમહેરની તૈયારી એકસાથે ૩ સિસ્ટમ સક્રિય



**જાણો ક્યાં અને ક્યારે પડશે ભારે વરસાદ? : વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફનો ત્રિવેણી સંગમ આગામી દિવસોમાં લાવશે સારો વરસાદ ''**

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતમાં અત્યાર સુધી ચોમાસાની ગતિ ભલે ધીમી અને થોડી નિરાશાજનક રહી હોય, પરંતુ હવામાન વિભાગની નવી આગાહી રાજ્ય માટે સારા સમાચાર લઈને આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં રાજ્યમાં વરસાદી માહોલ બરાબર જામશે. હાલમાં વાતાવરણમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ એમ એકસાથે ત્રણ મજબૂત વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે. આ ત્રણ સિસ્ટમના સામૂહિક પ્રભાવ હેઠળ આગામી ૨ અને ૩ જુલાઈએ રાજ્યના વિવિધ ભાગોમાં સારો એવો વરસાદ પડવાની પ્રબળ સંભાવના છે. દક્ષિણ ગુજરાતમાં હાલ ચોમાસું ભલે સ્થિર હોય, પરંતુ તે ધીમે-ધીમે આગળ વધી રહ્યું છે જે ખેતીલાયક વરસાદની આશાઓને જીવંત રાખે છે.

આ ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય થતાં દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળશે. હવામાન વિભાગની આગાહી મુજબ, ૪૦ થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ભારે પવન ફૂંકાવાની શક્યતા છે. આ દરમિયાન દરિયામાં પણ ભારે કરંટ જોવા મળી શકે તેમ હોવાથી, આગામી ૧ અને ૨ જુલાઈએ માછીમારોને દરિયો ન ખેડવા માટે વહીવટી તંત્ર દ્વારા કડક સૂચના અને ચેતવણી આપવામાં આવી છે.આગાહી મુજબ આજે રવિવારે (૨૮ જૂન) રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં મેઘમહેર જોવા મળશે. ઉત્તર અને મધ્ય ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, થરાદ, પાટણ, અરવલ્લી, પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાઓમાં સારો વરસાદી માહોલ છવાયેલો રહેશે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં કચ્છ, રાજકોટ, સુરેન્દ્રનગર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, ગીર સોમનાથ, બોટાદ અને દીવમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે.

સુરત, ડાંગ, તાપી, વલસાડ અને નવસારી જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ વિસ્તારોમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે વહીવટી તંત્રને પણ એલર્ટ મોડ પર મૂકી દેવાયું છે. આગામી ૨ થી ૪ જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતના વિસ્તારો પર મેઘરાજા વિશેષ મહેરબાન થાય તેવું દેખાઈ રહ્યું છે. આ દિવસો દરમિયાન નવસારી, સુરત, વલસાડ અને ડાંગ જિલ્લામાં ભારે વરસાદને લઈને 'યલો એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. આ જિલ્લાઓમાં ૪૦ થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની સાથે ભારે ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.

રાજ્યમાં એકતરફ મેઘરાજાની પધરામણી થઈ રહી છે અને વરસાદી માહોલ બંધાઈ રહ્યો છે, તો બીજીતરફ નાગરિકોને અસહ્ય ગરમી અને બફારાનો પણ સામનો કરવો પડી રહ્યો છે. હવામાં ભેજનું પ્રમાણ સતત વધી રહ્યું હોવાથી તાપમાન ભલે ઓછું હોય પણ ગરમીની તીવ્રતા વધુ અનુભવાશે. આગામી દિવસોમાં રાજ્યનું મહત્તમ તાપમાન ૩૮ થી ૪૦ ડિગ્રી આસપાસ નોંધાઈ શકે છે. જ્યારે ખાસ કરીને અમદાવાદમાં પારો ૪૧ ડિગ્રી સુધી પહોંચે તેવી પૂરેપૂરી શક્યતા છે. આમ, વાતાવરણમાં ડબલ ઋતુનો અહેસાસ થશે. એકતરફ પવન અને વરસાદી ઝાપટાં પડશે તો બીજીતરફ ભેજયુક્ત ગરમીનો ઉકળાટ લોકોને ભારે અકળાવશે. દરિયાકાંઠાના વિસ્તારો અને સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ ભારે ગરમી અને બફારો અકબંધ રહેશે. હવામાન વિભાગનું કહેવું છે કે, અત્યારે જે વરસાદી વાતાવરણ બન્યું છે તેમાં એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ છે, આ ઉપરાંત મધ્યપ્રદેશ અને તેની આસપાસના વિસ્તારોમાં સાયક્લોનિક સર્ક્યુલેશન રચાયું છે, અને પંજાબથી લઈને બિહાર સુધીનો એક વિશાળ સિઝનલ ટ્રફ સક્રિય થયો છે. આ ત્રણેય સિસ્ટમોના પ્રભાવથી આગામી સાત દિવસમાં દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં સારો એવો છૂટોછવાયો વરસાદ પડી શકે છે. હાલમાં બનાસકાંઠા, ભરૂચ સહિતના વિસ્તારોમાં હળવો છૂટોછવાયો વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે જે ખરીફ પાકની વાવણી માટે રાહત સમાન છે.

# ટ્રક પાછળ કાર ઘૂસી જતાં એક જ પરિવારના ૫ સભ્યો કાળનો કોળિયો

## પરિવારના પ્રાસંગિક કાર્યક્રમમાં જતા હતા ત્યારે સમૃદ્ધિ હાઈવે પરનો બનાવ


(AI તસ્વીર)

અમદાવાદ, તા.૨૮

મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં સમૃદ્ધિ હાઈવે પર કાર અને કન્ટેનગર વચ્ચે ભયાનક અકસ્માત થયો છે. રસ્તા પર ઉભેલી કન્ટેનગર પાછળ ફલ સ્પીડે આવી રહેલી કારૅ ઘૂસી જતાં એક જ પરિવારના પાંચ લોકોના મોત થયા છે. રિપોર્ટ મુજબ હાઈવે પર કન્ટેનગર કિનારા પર ઉભું હતું. આ દરમિયાન પાછળથી કારે ભયંકર ટક્કર મારતા કારનો ખુરદો બોલાઈ ગયો છે.

પ્રાથમિક તપાસ મુજબ, તમામ મૃતકો ચંદ્રપુર જિલ્લાના રહેવાસી હતા અને તેઓ પારિવારિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે અકોલા જઈ રહ્યા હતા. અકસ્માતમાં આખા પરિવારની ખુશીઓ ક્ષણવારમાં ઉજડી ગઈ છે. મૃતકોમાં ભાસ્કર જીવને (૫૭ વર્ષ), મહાદેવ જીવને (૪૨ વર્ષ), આરતી જીવને (૪૦ વર્ષ), લતા જીવને (૪૩ વર્ષ) અને કૃષ્ણા જીવને (૧૨ વર્ષ) સામેલ છે.

ઘટનાને નજરે જોનારાઓએ કહ્યું કે, પુરઝડપે દોડી રહેલી કાર કન્ટેનરની પાછળ ભયંકર રીતે ટકરાઈ ગઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે, કાર સંપૂર્ણ ક્ષતિગ્રસ્ત થઈ ગઈ છે, જેમાં કોઈની બચવાની સંભાવન ન હતી. ઘટનની જાણ થતાં પોલીસની ટીમ તાત્કાલીક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. કારમાં ફસાયેલા લોકોને બહાર કાઢીને હોસ્પિટલ લઈ જવાયા હતા, જોકે ડોક્ટરોએ પાંચેયને મૃત જાહેર કર્યા હતા.

# 'ધર્મનિરપેક્ષ-સમાજવાદી' શબ્દો દૂર કરાયા નથી : NCERT

## કાઉન્સિલ અનુસાર, નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા હેઠળ કરવામાં આવેલા ફેરફારો અંગે ઉભી થઇ ગેરસમજ




નવી દિલ્હી, તા.૨૮

રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (NCERT) દ્વારા પ્રકાશિત નવા ધોરણ ૯ સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તકની સામગ્રી પર ચર્ચા થઈ છે, જેમાં બંધારણની પ્રસ્તાવના અને ''ધર્મનિરપેક્ષ'' અને ''સમાજવાદી'' શબ્દોનો ઉલ્લેખ હવે પહેલાની જેમ શીખવવામાં આવતો નથી તેવા અહેવાલો સામે આવ્યા છે. કેટલાક અહેવાલોમાં સૂચવવામાં આવ્યું હતું કે સુધારેલા પાઠ્યપુસ્તકમાં પ્રસ્તાવના પર એક અલગ પ્રકરણ નથી અને તે બંધારણીય શબ્દો ''ધર્મનિરપેક્ષ'' અને ''સમાજવાદી'' ને સમજાવતું નથી, જે બંને શબ્દો અગાઉની આવૃત્તિઓમાં સમાવિષ્ટ હતા.

આ વિવાદના જવાબમાં, NCERT સૂત્રોએ એવા દાવાઓને નકારી કાઢ્યા છે કે આ શબ્દોને અભ્યાસક્રમમાંથી દૂર કરવામાં આવ્યા છે. કાઉન્સિલ અનુસાર, અહેવાલો નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા હેઠળ રજૂ કરાયેલા ફેરફારોની ગેરસમજ પર આધારિત છે. NCERT ના સૂત્રોએ જણાવ્યું હતું કે આ શબ્દો શાળા શિક્ષણનો ભાગ છે પરંતુ હવે એક જ પાઠ્યપુસ્તકમાં કેન્દ્રિત થવાને બદલે વિવિધ વર્ગોમાં વહેંચાયેલા છે. ધોરણ ૯ ના પાઠ્યપુસ્તકમાંથી પ્રસ્તાવના દૂર કરવામાં આવી હોવાનો દાવો કરતા અહેવાલો ખોટા છે.

કાઉન્સિલના જણાવ્યા અનુસાર, સુધારેલા અભ્યાસક્રમમાં શિક્ષણને વધુ સંરચિત અને યોગ્ય બનાવવા માટે વિવિધ ગ્રેડ સ્તરોમાં વિષયોનું પુનર્ગઠન કરવામાં આવ્યું છે. સૂત્રોએ સમજાવ્યું કે સામાજિક વિજ્ઞાનના પુસ્તકો સહિત તમામ નવા પ્રકાશિત NCERT પાઠ્યપુસ્તકો, તેમના શરૂઆતના પાનાઓમાં બંધારણના પ્રસ્તાવનાને રજૂ કરે છે. સુધારેલા અભ્યાસક્રમ માળખા હેઠળ, પ્રસ્તાવનાનો વધુ વિગતવાર અભ્યાસ ધોરણ ૧૦ માં આવ્યો છે, જ્યાં વિદ્યાર્થીઓ બંધારણીય સિદ્ધાંતોની વધુ ઊંડાણપૂર્વક અભ્યાસ કરશે. NCERT ના સૂત્રોએ જણાવ્યું હતું કે ધર્મનિરપેક્ષતા, સમાજવાદ, ન્યાય, સ્વતંત્રતા અને સમાનતા જેવા મુખ્ય બંધારણીય મૂલ્યો ધોરણ ૬ થી ૮ દરમિયાન વિદ્યાર્થીઓને રજૂ કરવામાં આવે છે.

તેઓએ ધ્યાન દોર્યું કે આ વિષયો પહેલાથી જ અગાઉના સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તકોમાં ચર્ચા કરવામાં આવ્યા છે, ખાસ કરીને ધોરણ ૭ માં અને ઉચ્ચ વર્ગોમાં ફરીથી ચર્ચા કરવામાં આવશે. કાઉન્સિલના મતે, આ ફેરફારોને બંધારણીય મૂલ્યોને દૂર કરવા તરીકે નહીં, પરંતુ શાળાકીય શિક્ષણના વિવિધ તબક્કાઓમાં વિષયોના પુનઃવિતરણ તરીકે જોવા જોઈએ. આ મુદ્દાએ એટ્લે ધ્યાન ખેંચ્યું કારણ કે ભારતના બંધારણીય માળખામાં ''ધર્મનિરપેક્ષ'' અને ''સમાજવાદી'' શબ્દોનું નોંધપાત્ર મહત્વ છે. ૧૯૭૬ માં કટોકટીના સમયગાળા દરમિયાન ૪૨મા બંધારણીય સુધારા દ્વારા પ્રસ્તાવનામાં બંને શબ્દો ઉમેરવામાં આવ્યા હતા.

અહેવાલોમાં એ પણ નોંધવામાં આવ્યું છે કે નવા પાઠ્યપુસ્તકમાં કટોકટીની ચર્ચા કરતો એક વિભાગ છે, પરંતુ તેમાં કેટલીક અગાઉની આવૃત્તિઓમાં જોવા મળતા પ્રસ્તાવનાને સમર્પિત એક અલગ પ્રકરણનો સમાવેશ થતો નથી. શિક્ષણવિદો અને નિરીક્ષકોએ ફેરફારો પર અલગ અલગ મંતવ્યો વ્યક્ત કર્યા છે. કેટલાક લોકો દલીલ કરે છે કે શાળા શિક્ષણના દરેક તબક્કે બંધારણીય મૂલ્યોને સ્પષ્ટ રીતે પ્રકાશિત કરવા જોઈએ. અન્ય લોકોએ કહ્યું છે કે સુધારેલા અભ્યાસક્રમની અસરકારકતાનું મૂલ્યાંકન ફક્ત તમામ વર્ગોમાં પાઠ્યપુસ્તકોના સંપૂર્ણ સેટની તપાસ કર્યા પછી જ થવું જોઈએ.

NCERT સ્ત્રોતોએ કહ્યું છે કે જૂના અને નવા પાઠ્યપુસ્તકો વચ્ચે સીધી સરખામણી સંપૂર્ણ ચિત્ર પ્રદાન કરી શકશે નહીં કારણ કે માળખું અને શિક્ષણ અભિગમ નોંધપાત્ર રીતે બદલાઈ ગયો છે. નવા પાઠ્યપુસ્તકો સામાજિક વિજ્ઞાન વિષયો શીખવવા માટે એક સંકલિત અભિગમ અપનાવે છે. તેથી, તેમની સરખામણી અગાઉના પાઠ્યપુસ્તકો સાથે કરવી યોગ્ય નથી. કાઉન્સિલે કહ્યું છે કે સુધારેલા અભ્યાસક્રમનો હેતુ વિવિધ વિષયો અને થીમ્સને અલગ-અલગ વિષયો તરીકે ગણવાને બદલે તેમને સાથે જોડવાનો છે.

દેશભરના શિક્ષકો, વાલીઓ અને નીતિ નિર્માતાઓ દ્વારા શાળાના અભ્યાસક્રમમાં થયેલા ફેરફારો પર નજર રાખવામાં આવી રહી છે. NCERT એ પુનરોચ્ચાર કર્યો છે કે બંધારણીય સિદ્ધાંતો શાળાના અભ્યાસક્રમનો એક મહત્વપૂર્ણ ભાગ છે અને વિદ્યાર્થીઓ તેમના શિક્ષણના વિવિધ તબક્કામાં ધર્મનિરપેક્ષતા, સમાજવાદ, ન્યાય અને સ્વતંત્રતા જેવા વિચારોનો અભ્યાસ કરશે. આ વિવાદ ફરી એકવાર શાળાઓમાં બંધારણીય મૂલ્યો કેવી રીતે શીખવવામાં આવે છે અને સમાજના વિવિધ વર્ગો દ્વારા અભ્યાસક્રમ સુધારાઓનું અર્થઘટન કેવી રીતે કરવામાં આવે છે તે દર્શાવે છે.